સ્થાપના : ૨૧-૧૧-૧૯૪૩ ® રજી.નં.એ/૮૭૯ (મુંબઈ)

''શિક્ષણ એજ સમાજોન્નતિનો સાચો પાયો છે''®

# શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ®

**✻ કેન્દ્રીય કાર્યાલય ✻**


૧૩૯, કૈલાસપુરી, અપર ગોવિંદ નગર, મલાડ (પૂ), મુંબઈ-૪૦૦ ૦૯૭.

૮૭૭૯૦ ૬૪૫૨૫

e-mail : mspsangh@gmail.com / website : www.mspsangh.orgfree.com


# ૮૦મો વાર્ષિક અહેવાલ

## વર્ષ ૨૦૨૩ - ૨૦૨૪

Saribujrang, Amalsad Education Complex (Proposed)



શાખાઓ : જોગેશ્વરી-સાંતાક્રુઝ, બોરીવલી, ભાયંદર, વિરાર, દહાણુ, પારડી, વલસાડ, ગણદેવી, ચીખલી, નવસારી

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. જયાબેન અરૂણભાઈ પટેલ

**જન્મ : ૦૫-૦૨-૧૯૫૧ સ્વર્ગવાસ : ૨૪-૦૬-૨૦૧૬**

પરમ કૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ આપે
તેમજ આપના આશીર્વાદ હંમેશા અમારી સાથે રહે એજ પ્રાર્થના

**આપના સ્નેહીજનો**

શ્રી અરૂણભાઈ પ્રેમજીભાઈ પટેલ

| | |
|---|---|
| શ્રી પ્રગ્નેશ અરૂણ પટેલ | શ્રીમતી દિપાલી પ્રગ્નેશ પટેલ |
| શ્રી ધર્મેશ અરૂણ પટેલ | શ્રીમતી પૂજા ધર્મેશ પટેલ |
| શ્રી કમલેશ અરૂણ પટેલ | શ્રીમતી કૃપાલી કમલેશ પટેલ |
| મા. સ્વયંમ ધર્મેશ પટેલ | કુ.મૈશા કમલેશ પટેલ |

# SHRI M.S.P. SANGH®

## BOARD OF TRUSTEES (2022-25)


Kanchanlal Manek
Managing Trustee


Narendra Rathod
President
(Ex-Officio)


Jayant R. Ghdiyali


Mohanlal F. Patel


Manu K. Patel


Rajesh N. Saravya


Neelamben N. Rathod


Dr. Arvind Patel


Rajnikant Patel


Hashmukh Majigamkar


Gulabbhai Barot


Chetan Ranveriya


Renukaben K. Solanki


Meetaben Suryavanshi

# SHRI M.S.P. SANGH®

## Managing Committee

(2022-25)

### Office Bearers



**Kanchanlal Manek**
Managing Trustee
(Ex-Officio)



**Narendra Rathod**
President



**Hemant Magodia**
Gen.Secretary



**Arunbhai Patel**
Vice President




**Sanjeev Hariakar**
Vice President



**Girish Rathod**
Treasurer



**Girish Vanzwala**
Jt. Secretary



**Subhash Barot**
Jt. Secretary



**Umesh Jadav**
Jt. Secretary

# SHRI M.S.P. SANGH®

## Managing Committee Members

(2022-25)


Natwarlal M Patel


Ranjit D Patel


Naginbhai K Rathod


Tejas M Radhari


Bharti S Surti


Dr. Sonal Vahanwala


Durgaben D Rathod


Jayashree U. Tavadiya


Dr. Hemant G. Jakhiya


Dharmesh M Rathod

# Shri M.S.P. Sangh®

## સ્થાપક સભ્યો - તા.૨૧-૧૧-૧૯૪૩

સ્વ. વલ્લભદાસ એચ. મહેતા
સ્વ. લલ્લુભાઈ એમ. સરૈયા
સ્વ. જીવણલાલ એમ. ચુનાવાલા
સ્વ. જયસિંગ ડી. પરમાર

સ્વ.કુંવરજી બી. મહેતા
સ્વ. મગનલાલ કે. બારોટ
સ્વ. ગીજુભાઈ એમ. મહેતા
સ્વ. ખુશાલભાઈ ડી. મહેતા

સ્વ. બાપુભાઈ બી. ગુંગા
સ્વ. કાંતિલાલ આર. આબદાર
સ્વ. મનસુખલાલ આર. વાપીકર
સ્વ.ગુલાબભાઈ એન. આશરા

## પેટ્રન

(P03) શ્રીમતી મંજુલાબેન બી રાઠોડ
(P04) ડૉ.  મુલચંદ એસ રાઠોડ
(P05) પ્રિ . કુંવરજી પી બારોટ
(P06) શ્રી રમણભાઈ પી રાઠોડ
(P10) શ્રી ધીરજ બી પાર
(P11) ડૉ. હર્ષદરાય એમ સોલંકી
(P13) શ્રીમતી ચંદ્રિકાબેન પી વહાણવાલા
(P14) શ્રી અમૃતલાલ કે.રાઠોડ
(P15) શ્રીમતી ભાનુમતી એમ પટેલ
(P16) શ્રી સુરેશચંદ્ર પી દાસ
(P17) શ્રી હસમુખભાઈ એસ મજીગામકર
(P19) શ્રી રજનીકાંત એફ પટેલ
(P20) શ્રી કેશવજી એમ સરીગામવાલા
(P22) શ્રી અશોકભાઈ કે રાઠોડ
(P24)  શ્રી હેમંત જી બારોટ
(P25) શ્રી વસનજી એ સુરતી
(P26) ડૉ. જયેશકુમાર એન વહાણવાલા

(P27) શ્રી નગીનભાઈ બી સુરતી
(P28) શ્રી ગુલાબદાસ સી મોરથાણીયા
(P29) શ્રી અતુલભાઈ ડી માણેક
(P30) શ્રી કંચનલાલ ડી માણેક
(P31) શ્રી નટુભાઈ એમ પટેલ
(P34) કૅપ્ટન અમૃતલાલ ડી માણેક
(P35) ઍડ કિશોર એલ સોલંકી
(P37) શ્રી વિનય બી બારોટ
(P38) શ્રી નરસિંહભાઈ એન રાઠોડ
(P39) શ્રીમતી તારાબેન ડી ખાંડાવાલા
(P40) શ્રી આશ્રય જી મરોલીયા
(P44) શ્રી સુમન કે રાઠોડ
(P45) શ્રીમતી પુષ્પાબેન એન રાઠોડ
(P46) શ્રી કેયુર બી પારેખ
(P47) શ્રી નગીનભાઈ ડી રાઠોડ
(P48) શ્રી હિમાંશુ વી સોનવાડીયા
(P49) શ્રી દિલીપભાઈ એમ કણાવીયા

(P50) શ્રી રોહનકુમાર એ ચરીવાલા
(P51) શ્રી ભરત એ સુરતી
(P52) શ્રીમતી અમિતા બી સુરતી
(P53) ઍડ  નગીનલાલ એસ પટેલ
(P54) શ્રી જયંતીલાલ એમ પટેલ
(P55) શ્રી રસિકભાઈ સી બારોટ
(P56) શ્રી દલપતભાઈ સી આમરીવાલા
(P57) શ્રી રાજેશભાઈ એન સરાવ્યા
(P58) શ્રી અમ્રતલાલ એસ સુરતી
(P59) શ્રી અરુણભાઈ પી પટેલ
(P60) શ્રીમતી નીલમ એન રાઠોડ
(P61) શ્રીમતી સરોજબેન સુભાષભાઈ બારોટ
(P62) શ્રી સુરજભાઈ જીવણજી જબરા
(P63) શ્રીમતી ગીતાબેન રાજેશભાઈ સરાવ્યા
(P64) શ્રીમતી લતાબેન મનીષભાઈ માહ્યાવંશી
(P65) શ્રીમતી દર્શનાબેન પ્રવિણભાઈ સોલંકી

# શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ, મુંબઈ

૮૦મો વાર્ષિક અહેવાલ : વર્ષ ૨૦૨૩-૨૪

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | કેન્દ્રીય કાર્યાલયની પ્રવૃત્તિઓ | ૦૫-૧૪ |
| ૨. | શાખાઓની પ્રવૃત્તિઓ | ૧૫-૩૩ |
| ૩. | બેલેન્સ શીટ | ૩૪-૩૫ |
| ૪. | આવક જાવક | ૩૬-૩૭ |
| ૫. | વાર્ષિક બજેટ | ૩૮-૩૯ |
| ૬. | સ્કોલરશીપ ફંડ વિવરણ | ૪૦-૪૩ |
| ૭. | ફિક્સડ એસેટ નું વિવરણ | ૪૪-૪૫ |
| ૮. | શેડ્યૂલ ૩ થી ૧૦ | ૪૬-૫૦ |
| ૯. | લોન નું વિવરણ | ૫૧ |
| ૧૦. | ઓડિટર સર્ટિફિકેટ | ૫૨-૫૬ |
| ૧૧. | દાનવીરો ની યાદી | ૫૭-૬૯ |
| ૧૨. | આભાર દર્શન | ૭૨ |

# શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ

**માહ્યાવંશી સમાજની એક પ્રબળ, પ્રખર અને ગતિશીલ સંસ્થા બને તે માટે આટલું કરો :**

૧. New તરસ વાંચો અને વંચાવો,

૨. સંસ્થાને દર વર્ષે ફક્ત એક દિવસની આવક દાનમાં આપો,

૩. સંસ્થા દ્વારા યોજાતા વિવિધ કાર્યક્રમોમાં સહભાગી બનો અને આપના સ્નેહીજનોને તેમ કરવા પ્રેરિત કરો,

૪. આપના વિસ્તાર / વર્તુળમાં ગુણવત્તા ધરાવનાર વિદ્યાર્થી આર્થિક મુશ્કેલીને કારણે અભ્યાસ ન કરી શકતો હોય તો તેની મદદ માટે સંસ્થાને ભલામણ કરો,

૫. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સંસ્થામાંથી લોન અપાવવામાં મદદરૂપ થાઓ,

૬. છાત્રાલયમાં રહેવાની સગવડ પ્રાપ્ત કરી શકે એવા જરૂરિયાતમંદ વિદ્યાર્થી માટે પ્રચાર કરો,

૭. આપના વ્યાપાર, લગ્ન, જન્મદિવસ, શ્રદ્ધાંજલી જેવા પ્રસંગો વિશે 'New તરસ'માં જાહેરખબર આપી સંસ્થાને સહાયરૂપ થાવ.

# વાર્ષિક સામાન્ય સભા - નોટીસ

તા. ૦૧-૦૯-૨૦૨૪

પ્રિય સભાસદ ,

સવિનય જણાવવાનું કે શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ ની ૮૦ મી વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૨૮/૦૯/૨૦૨૪ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે શ્રીમતી રેવાબેન ઘડિયાળી સભાગૃહ, ૧૩૯ કૈલાશપુરી અપર ગોવિંદ નગર, મલાડ પૂર્વ મુંબઈ-૪૦૦૦૯૭ ખાતે નીચે જણાવેલ કાર્યસૂચિ માટે રાખવામાં આવી છે, તો સમયસર હાજર રહેવા વિનંતી.

**કાર્યસૂચિ**

૧. ગત તા. ૨૪-૦૯-૨૦૨૩ ની વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સની રજુઆત અને મંજૂરી આપવા બાબત.
૨. સન ૨૦૨૩-૨૪ દરમ્યાન સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલની રજુઆત બાબત.
૩. વર્ષ ૧ -૪ -૨૦૨૩ થી ૩૧-૩ -૨૦૨૪ સુધીના આવક જાવકનો ઓડિટ થયેલ વાર્ષિક હિસાબો રજુ કરવા તેમજ મંજુર કરવા બાબત.
૪. વર્ષ ૨૦૨૪ -૨૫નું અંદાજપત્રની રજુઆત તેમજ મંજુર કરવા બાબત.
૫. વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્ટટયુટરી ઓડિટરની નિમણુંક તથા મહેનતાણું નક્કી કરવા બાબત.
૬. પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય કામકાજ બાબત.

**નોંધ :**

૧. સંજોગવશાત સભાનું કોરમ ન થાય તો અડધા કલાક પછી તેજ દિવસે તેજ સ્થળે સભાનું કામકાજ હાથ ધરવામાં આવશે, જે સર્વ સભ્યોને બંધનકર્તા રહેશે.
૨. આ વાર્ષિક અહેવાલને લગતી માહિતી જાણવા ઈચ્છુક સભાસદને વિનંતી કે તમારા પ્રશ્નો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ પહેલા સંસ્થાના વૉટ્સએપ અથવા ઈ-મેઈલ દ્વારા મોકલાવશો જેથી તેના ઉત્તરો સભામાં આપી શકાય.

**લિ. આપના**

**ગિરીશ બી. વાંઝવાલા**
**સુભાષ એસ. બારોટ**
**ઉમેશ ડી. જાદવ**
**સહ મંત્રીઓ**

**હેમંત આર. મગોદિયા**
**મહા મંત્રી**

# નમ્ર નિવેદન

સભાસદ મિત્રો,

શિક્ષણ એજ સમાજોન્નતિનો સાચો પાયો છે. એ મુદ્રાલેખને આત્મસાત કરનાર શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘનો ૮૦ મોં વાર્ષિક અહેવાલ અને હિસાબ (વર્ષ ૦૧-૦૪-૨૦૨૩ થી ૩૧-૦૩-૨૦૨૪) રજુ કરતા પ્રસન્નતા, આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

૮૦ વર્ષોમાં સંસ્થાએ સમાજના આર્થિક રીતે નબળા તથા જરૂરિયાતમંદ વિદ્યાર્થીને સહાય આપી છે તથા માર્ગદર્શન આપ્યું છે. વિદ્યાર્થીઓનું સન્માન કરી સ્કોલરશીપ , સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કર્યા છે. સંસ્થાનું કાર્યક્ષેત્ર મુંબઈ થાણે અને ગુજરાત સુધી છે. અને ૧૦ શાખાઓ કેન્દ્રીય કાર્યાલય જોડે કાર્યરત છે.

વર્ષ ૨૦૨૩ - ૨૦૨૪ દરમ્યાન રાબેતા મુજબ રૂ.૮,૨૬,૨૦૦/- ની આર્થિક સહાય, રૂ.૬૭,૫૦૦/- ની મેરિટ સ્કોલરશીપ, રૂ.૩,૯૨,૬૦૦/- ની નોટબુક સહાય વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

મિત્રો , સંસ્થાની પ્રગતિ અને સિદ્ધિઓ આપ સૌના સક્રિય સહકારને આભારી છે. સંસ્થા આમ જ આગળ વધતી રહે અને આપ સંસ્થાને સહકાર આપતા રહો એવી આશા રાખીએ છીએ.

**આપના ભવદીય,**

**ગિરીશ બી વાંઝવાલા**
**સુભાષ એસ બારોટ**
**ઉમેશ ડી જાદવ**
**સહમંત્રીઓ**

**હેમંત આર મગોદિયા**
**મહા મંત્રી**

## કેન્દ્રીય કાર્યાલયની પ્રવૃત્તિઓ

શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘના કેન્દ્રીય કાર્યાલય દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન થયેલ પ્રવૃત્તિઓ ની સંક્ષિપ્ત માહિતી આ પ્રમાણે છે.

**૧. નોટબુક સહાયઃ**

આ વર્ષે સમાજ ના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ ને નોટબુક માટે રોકડ રકમ ની સહાય નીચે પ્રમાણે આપવામાં આવી હતી.

| ક્ર. | શાખા | વિદ્યાર્થીઓ ની સંખ્યા | નોટબુક માટે રોકડ રકમ (રૂ ) |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૨૬૧ | ૭૮૩૦૦ |
| ૨ | ચીખલી | ૧૧૦ | ૩૩૦૦૦ |
| ૩ | ગણદેવી | ૩૬ | ૧૦૮૦૦ |
| ૪ | વલસાડ | ૧૬૨ | ૪૮૬૦૦ |
| ૫ | દહાણુ | ૩૪૦ | ૧૫૧૮૦૦ |
| ૬ | બોરીવલી | ૫૬ | ૧૬૮૦૦ |
| ૭ | પારડી | ૧૩૧ | ૩૯૩૦૦ |
| ૮ | વિરાર | ૪૬ | ૧૪૦૦૦ |
| | કુલ | ૧૧૪૨ | ૩૯૨૬૦૦ |

**૨. આર્થિક સહાય :**

આ વર્ષે સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય નીચે પ્રમાણે આપવામાં આવી હતી .

| ક્ર | શાખા | વિદ્યાર્થીઓની સંખ્યા | આર્થિક સહાય રૂા. |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૩૩ | ૭૭૦૦૦ |
| ૨ | ચીખલી | ૭૧ | ૧૩૮૦૦૦ |
| ૩ | ગણદેવી | ૮૦ | ૨૦૦૦૦૦ |
| ૪ | વલસાડ | ૮૮ | ૧૬૧૦૦૦ |
| ૫ | વિરાર | ૪૫ | ૯૪૭૦૦ |
| ૬ | ભાયંદર | ૪ | ૧૧૦૦૦ |
| ૭ | પારડી | ૩ | ૯૫૦૦ |
| ૮ | દહાણુ | ૩૪૦ | ૧૭૦૦૦ |
| ૯ | બોરીવલી | ૭ | ૧૩૦૦૦ |
| ૧૦ | કેન્દ્રીય કાર્યાલય | ૫૬ | ૧૦૫૦૦૦ |
| | કુલ | ૭૨૭ | ૮૨૬૨૦૦ |

૩. મેરીટ સ્કોલરશીપ (ધોરણ ૭, ૮ ,૯માં ૭૦% અને તેથી વધુ માર્ક્સ લાવનાર વિદ્યાર્થીઓને)

| ક્ર | શાખા | વિદ્યાર્થીઓની સંખ્યા | સ્કોલર શીપ રૂા. |
|---|---|---|---|
| ૧ | ચીખલી | ૧૬ | ૯૬૦૦/- |
| ૨ | નવસારી | ૨૮ | ૧૬૮૦૦/- |
| ૩ | દહાણુ | ૧૮ | ૧૦૮૦૦/- |
| ૪ | બોરીવલી | ૩ | ૧૮૦૦/- |
| ૫ | વલસાડ | ૨૭ | ૨૮૫૦૦/- |
| | | ૯૨ | ૬૭૫૦૦/- |

**સરીબુજરંગ પ્લોટ**

સંસ્થાની સરીબુજરંગ પ્લોટ પર તા.૦૫-૦૬-૨૦૨૩થી કમ્પાઉંડનું કામ શરૂ કર્યું હતું, તા.૧૦-૦૬-૨૦૨૩ના રોજ બોરિંગનું કામ શરૂ કર્યું હતું અને તા.૦૧-૦૮-૨૦૨૩ના રોજ મુખ્ય દરવાજાનું કામ કરવામા આવ્યું હતું. આ કામ સમિતિના સંયોજક શ્રી રજનીકાંતભાઈ પટેલના નેજા હેઠળ તેમજ શ્રી મહેન્દ્રભાઈ મજીગામકર, શ્રી નગીનભાઈ કે. રાઠોડ, શ્રી ધર્મેશભાઈ રાઠોડ તેમજ ગામના સ્થાનિક લોકો વગેરે ના સહયોગથી કરી શક્યા. સંસ્થા દરેકનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે.

**સ્વાતંત્ર્ય દિન સમારંભ : ૧૫મી ઓગસ્ટ ૨૦૨૩**

સંસ્થાનો વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ મંગળવાર તા.૧૫ મી ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે સંઘના વાતાનુકુલીત, નૂતનીકરણ થયેલ શ્રીમતી રેવાબેન ઘડિયાળી સભાગૃહ કૈલાશપુરી, અપર ગોવિંદ નગર, મલાડ પૂર્વ મુંબઈ ૪૦૦૦૯૭ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કુમારી ડો. દિશા સુનીલભાઈ કાજ ( MBBS, MD, DNB Radiology) અને શ્રીમતી હીનાબેન ગીરીશકુમાર રાઠોડ (Assistant Commissioner, Konkan vibhag, Maharashtra Government) ને મુખ્ય મેહમાન તરીકે સ્ટેજ પર આમંત્રિત કરી સન્માનિત કરવા માં આવ્યા હતા. ડો. દિશા અને શ્રીમતી હીનાબેન નો પરિચય શ્રીમતી ભારતીબેન સુરતી એ આપ્યો હતો.

ગત ત્રણ વર્ષી ના ઓનલાઇન વિદ્યાર્થીઓ ના સન્માન કાર્યક્રમ પછી આ વર્ષે પ્રત્યક્ષ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આ વર્ષે (૨૦૨૨- ૨૩) માં ઉત્તીર્ણ થયેલ SSC , HSC , CA, LL .B Doctor . Engineer વગેરે નું સર્ટિફિકેટ તેમજ ઇનામ થી સન્માનિત કર્યા હતા. આ કાર્ય સહમંત્રી શ્રી ઉમેશભાઈ જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ ઇનામો સંસ્થાના શુભેચ્છકો ( જેનું વિવરણ વાર્ષિક અહેવાલ માં આપેલ છે) દ્વારા આપેલ રકમ ના

વ્યાજ માંથી વિવિધ શ્રેણીમા ઉત્તીર્ણ થયેલ વિદ્યાથીઓ ને પુરષ્કાર ના રૂપે આપવામાં આવે છે. એની જાણકારી મહામંત્રી શ્રી હેમંત મગોદિયા એ આપી હતી. સંસ્થા શુભેચ્છકો નો આભાર વ્યક્ત કરે છે.

આ કાર્યક્રમ ના સન્માનિત ડો.દિશા એ જણાવ્યું હતું કે એમણે ખુબ જ મેહનત કરી આજે ડોક્ટર બન્યા છે વિદ્યાર્થી મિત્રો ને પણ તેમના અભ્યાસ માં ખુબ મેહનત કરવા જણાવ્યું હતું. શ્રીમતી હીના બેને પણ શિક્ષણ પર વિશેષ મહત્વ આપવા વિદ્યાર્થીઓ ને સલાહ આપી હતી. શ્રીમતી હીનાબેન ના માતાશ્રી સરલાબેને પણ શિક્ષણ થી જ એમના જીવન માં જે પરિવર્તન આવ્યું તેની જાણકારી આપી હતી. અને સંસ્થાની કામગીરી ને બિરદાવી હતી.

વિદ્યાર્થી મિત્રો તેમજ તેમના માતા-પિતા એ પણ એમના વિચાર દર્શાવ્યા હતા. સંસ્થા ના કાર્યો ની સરાહના કરી હતી.

વિદ્યાર્થીઓ ના ડેટા મેળવવા માટેનું ગુગલ ફોર્મ અને સર્ટિફિકેટ, પોતાના વ્યસ્ત સમય માંથી પણ સમય પર તૈયાર કરી આપવા બદલ ટિમ ડિજિટલ ના ડો. મેહુલભાઈ અને શ્રી કશ્યપ સોનાવાલા નો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

સંસ્થાના ખજાનચી શ્રી ગીરીશભાઈ રાઠોડે આ હોલ ના નૂતનીકરણ માટે આવેલ દાનો ની માહિતી આપી હતી, દાનવીરો નો આભાર વ્યક્ત કર્યો હતો.

માજી પ્રમુખ શ્રી રમણભાઈ રાઠોડે પણ તેમના સંબોધન મા વિદ્યાર્થી ઓ ને શિક્ષણ ની જરૂરિયાત ની માહિતી આપી હતી.

ટ્રસ્ટી શ્રી રજનીકાંતભાઈ એ જણાવ્યું હતું કે સૌથી જૂની સંસ્થાના કાર્યોમાં સમય પ્રમાણે બદલાવ લાવવો જોઈએ, સોચ બદલવી જોઈએ જેથી આધુનિક સમય પ્રમાણે સંસ્થાની પ્રગતિ થઈ શકે. આજના આ વિદ્યાર્થીઓના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની હાજરી ઓછી છે, આવા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ વધુમાં વધુ આવે એવું સભાને જણાવ્યું હતું.

ટ્રસ્ટી શ્રીમતી મીતાબેન સૂર્યવંશીએ પણ કાર્યક્રમની સરાહના કરી હતી.

ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ સરાવ્યાએ જણાવ્યું હતું કે આપણે ફક્ત હોલનું રિનોવેશન કરવાના હતા પરંતુ કારોબારી સભ્ય શ્રી રણજીતભાઈએ સમિતિને આ બેન્કવેટ હોલ માટેનો સુઝાવ આપ્યો અને સાથે સાથે આશ્વાસન પણ આપ્યું કે એમાં થનાર ખર્ચને પહોંચી વળવા રાહત પણ આપશે. શ્રી રણજીતભાઈના આ વિશ્વાસને આજે આપણે પૂરો થતા જોઈ રહ્યા છીએ. શ્રી રણજીતભાઇ પટેલનો અભિનંદન સહ આભાર વ્યક્ત કર્યો હતો અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું.

છેલ્લે રાષ્ટ્રગીત થી કાર્યક્રમ નું સમાપન કરવામાં આવ્યું હતું.

**<u>વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૪/૦૯/૨૦૨૩</u>**

શ્રી મા.શિ.પ્ર.સંઘની ૭૯ મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૪-૦૯-૨૦૨૩ના રોજ સાંજે ૩.૦૦ કલાકે રેવાબેન ઘડિયાળી સભાગૃહ, કેન્દ્રીય કાર્યાલય, મલાડ મુંબઈ ૪૦૦૦૯૭ ખાતે રાખવામાં આવી હતી.

કોરમના અભાવે સભા અડધો કલાક મોકૂફ રાખવામાં આવી હતી અને અડધા કલાક બાદ એજ સ્થળે સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કંચનભાઈ માણેક વિદેશ હોવાથી, ઓન લાઈન જોડાયા હતા અને સભાને સંબોધન કર્યું હતું.

પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ રાઠોડે આજની વાર્ષિક સામાન્ય સભામાં કાર્યવાહક મેનેજીંગ ટ્રસ્ટી તરીકે શ્રી રાજેશભાઈ સરાવ્યા, ઉપ પ્રમુખ શ્રી અરુણભાઈ પટેલ, શ્રી સંજીવભાઈ હરિયાકર અને મહામંત્રી શ્રી હેમંત મગોદિયાને સ્ટેજ પર આમંત્રિત કર્યા હતા.

ત્યારબાદ પ્રમુખ શ્રીએ સ્વાગત પ્રવચન કર્યું અને મહામંત્રી શ્રી હેમંત મગોદિયાને એજન્ડા મુજબ કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

સભાની શરૂઆત આજની સભાના કાર્યવાહક મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ સરાવ્યાના આશીર્વચનથી કરવામાં આવી હતી.

શરૂઆતમાં ગત વર્ષ દરમ્યાન અવસાન પામેલ વ્યક્તિઓ માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

**એજન્ડા ૧.** ગત ૧૬-૧૦-૨૦૨૨ની વાર્ષિક સામાન્ય સભાની મિટિંગની મિનિટ્સની રજુઆત અને મંજુરી

ગત ૧૬-૧૦-૨૦૨૨ની વાર્ષિક સામાન્ય સભાની મિટિંગની મિનિટ્સની રજુઆત મહામંત્રી શ્રી હેમંત મગોદિયાએ કરી હતી જે સર્વાનુમતે મંજૂર થઇ હતી

**એજન્ડા ૨.** સન,૨૦૨૨-૨૩ દરમ્યાન સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓના અહેવાલની રજુઆત બાબત

વર્ષ ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ હાજર દરેક સભ્યોને મળી ગયો હતો. મહામંત્રી શ્રીએ આ અહેવાલમાં કેટલાક સુધારા/વધારાની નોંધ કરાવી હતી જે નીચે મુજબ છે.

| પાનું નં. | ભૂલ | સુધારો |
|---|---|---|
| ૧૨ કારોબારી સમિતિ | શ્રી કંચનબેન ડી માણેક | શ્રી કંચનલાલ ડી માણેક |
| ૧૨ શ્રી સંજીવ હરિયાકર | ઉરપ્રમુખ | ઉપપ્રમુખ |
| ૧૯ દહાણુ શાખા | સભ્યો - નામ રહી ગયું. | શ્રી રણછોડભાઈ કે માહ્યાવંશી |
| ૩૦. Annual Budget | | |
| Printing & Stationery | ૩,૧૮,૦૦૪ | ૬,૨૯,૯૭૪ (Actual) |
| Public meeting Exp AGM. | ૪,૪૩,૮૫૦ | ૧,૩૧,૮૮૦ (Actual) |
| Printing & Stationery | ૪,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ (Budgeted) |
| Public meeting Exp AGM | ૫,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ (Budgeted) |
| ૩૯ Sch . 4 | દેનાબેન્ક દહાણુ | બેન્ક ઓફ બરોડા દહાણુ |
| ૪૦ Sch . 5 | દેનાબેન્ક દહાણુ | બેન્ક ઓફ બરોડા દહાણુ |

ગત વર્ષના એજેન્ડામાં સ્ટેચ્યૂટરી ઓડિટર અને અંતર્ગત ઓડિટરની નિમણુંક એક વર્ષ માટે જ કરવામાં આવી હતી. આજ સ્ટેચ્યૂટરી ઓડિટર અને અંતર્ગત ઓડિટરને વર્ષ ૨૦૨૩-૨૫ માટે ચાલુ રાખવા માટે સભામાં પ્રસ્તાવ મુકવામાં આવ્યો.

સ્ટેચ્યૂટરી ઓડિટર શ્રી ગણેશ તોશ્રીવાલ અને અંતર્ગત ઓડિટર શ્રી ચેતન બારોટને સભાએ મંજૂરી આપી હતી.

વર્ષ ૨૦૨૨-૨૩ ની પ્રવૃત્તિ નો અહેવાલ દરેક સભાસદ પાસે હોવાથી વાંચવાનીના પાડતા અહેવાલને મંજુર થયેલ જાહેર કરવામાં આવ્યો હતો.

સૂચન - શ્રી ધીરજભાઈ હળધર અને અનુમોદન શ્રી નગીનભાઈ રાઠોડ

**એજન્ડા -૩** વર્ષ ૧-૪-૨૦૨૨ થી ૩૧-૩-૨૦૨૩ સુધીના આવક જાવકનો ઓડિટ થયેલ વાર્ષિક હિસાબ રજુ કરવા તેમજ મંજુર કરવા બાબત

વર્ષ ૧-૪-૨૦૨૨ થી ૩૧-૩-૨૦૨૩ સુધીના આવક જાવકનો ઓડિટ થયેલ વાર્ષિક હિસાબ ખજાનચી શ્રી ગીરીશભાઈ રાઠોડે રજુ કર્યો હતો. વધુમાં જણાવ્યું હતું કે આ વર્ષે ઓડિટરના સૂચનથી દરેક શાખાઓની આવક જાવકને કેન્દ્રીય કાર્યાલયની આવક જાવક સાથે સમાયોજિત કરવાથી આંકડામાં વધારે બદલાવ જણાય છે.

ચર્ચાને અંતે આવક જાવકને સભાએ મંજૂરી આપી હતી.

સૂચન - શ્રી નટુભાઈ પટેલ અનુમોદન - શ્રી હસમુખભાઈ મજીગામકર

**એજન્ડા -૪** વર્ષ ૨૦૨૩-૨૪નું અંદાજપત્રની રજુઆત તેમજ મંજુર કરવા બાબત

વર્ષ ૨૦૨૩-૨૪નું અંદાજપત્ર શ્રી હેમંત મગોદિયાએ વાંચી સંભળાવ્યું હતું. એમાં નીચે મુજબના સુધારાની જાણ સભામાં કરવામાં આવી હતી.

| પાનું નં. | ભૂલ | સુધારો |
|---|---|---|
| Annual Budget | | |
| Printing & Stationery | ૩,૧૮,૦૦૪ | ૬,૨૯,૯૭૪ (Actual) |
| Public meeting Exp AGM. | ૪,૪૩,૮૫૦ | ૧,૩૧,૮૮૦ (Actual) |
| Printing & Stationery | ૪,૦૦,૦૦૦ | ૬,૦૦,૦૦૦ (Budgeted) |
| Public meeting Exp AGM | ૫,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ (Budgeted) |

શ્રી વસનજી સુરતીએ Public meeting Exp AGM બજેટ રૂ.૨૦૦૦૦૦/- કરવાનું સૂચવ્યું હતું. પરંતુ આ વર્ષથી દરેક શાખાના Public meeting Exp AGMને સમાયોજિત કરવાથી આવતા વર્ષે આ ખર્ચ વધી શકે એટલે આ બજેટ રૂ. ૩૦૦૦૦૦/- નું રાખ્યું છે.

ચર્ચાને અંતે અંદાજ પત્રને સભાએ મંજૂરી આપી હતી.

સૂચન - શ્રી મેહુલભાઈ તીથલીયા    અનુમોદન - શ્રી હસમુખભાઈ મજીગામકર

છેલ્લે , ઉપપ્રમુખ શ્રી અરુણભાઈ પટેલે આ સભામાં ઉપસ્થિત રહી સંસ્થાના કામમાં મદદ રૂપ થવા બદલ આભાર માની સભા બરખાસ્ત કરવામાં આવી અને દરેકને અલ્પાહાર માટે આમંત્રિત કર્યા હતા.

**સ્વ. શ્રી ભગવાનદાસ માર્કર સાહેબની પાંચમી પુણ્યતિથિ : તા. ૦૫-૧૧-૨૦૨૩ (જન્મ ૧૫-૨-૧૯૨૫ સ્વ.૦૫-૧૧-૨૦૧૮)**

સ્વ. ભગવાનદાસ માર્કર સાહેબની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે રવિવાર તા ૫-૧૧-૨૦૨૩ના સાંજે ૫.૦૦ કલાકે કેન્દ્રીય કાર્યાલય પર સ્મરણાંજલિ સભા રાખવામાં આવી હતી. સ્વ. માર્કર સાહેબની યાદમાં દીપ પ્રગટાવ્યા બાદ ઉપસ્થિત સભ્યોએ શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા.

**સંસ્થાનો ૮૧મો સ્થાપના દિવસ : ૨૧/૧૧/૨૦૨૩**

સંસ્થાના ૮૧માં સ્થાપના દિન નિમિત્તે મંગળવાર તા. ૨૧-૧૧-૨૦૨૩ના રોજ સાંજે ૬.૦૦ કલાકે સંસ્થા ના કેન્દ્રીય કાર્યાલય, મલાડ મુંબઈ ખાતે કેક કાપી ઉજવણી કરી હતી.

સંસ્થાની નવસારી, ચિખલી, ગણદેવી શાખાઓએ સંયુક્ત પણે સ્થાપન દિવસની ઉજવણી સરીબુજરંગ પ્લોટ પર પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડના નેજા હેઠળ કરવામાં આવી હતી.

શ્રીમતી ભાનુમતીબેન (ધનુબેન ,ઉંમર ૮૭ ) દેવકાંતભાઈ વર્માના વરદ હસ્તે સંઘના લોગો દર્શાવતી કેક કાપી ઉજવણી કરી હતી.

આ પ્રસંગે આ પ્લોટના દાતા સ્વ.શ્રી ભગવાનભાઈ સુખાભાઈ ડેપીવાળા તેમજ એમના ધર્મપત્ની

સ્વ.શ્રીમતી સોમીબેન ભગવાનભાઈ ડેપીવાળાની દિવ્ય આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. જેમના હસ્તે આ પ્લોટ સંઘને અર્પણ કરવામાં આવ્યો હતો એવા એમના દત્તક પુત્ર અને સંસ્થાના ટ્રસ્ટી શ્રી મોહનભાઈ એફ. પટેલ - ડેપીવાળાને પણ યાદ કરી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કેન્દ્રના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ રાઠોડ, ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ મજીગામકર, કેન્દ્રના સહમંત્રી શ્રી સુભાષભાઈ બારોટ, શ્રી ગીરીશભાઈ વાંઝવાલા, શ્રી ઠાકોરભાઈ રાઠોડ (ગણદેવી શાખાના સ્થાપક સભ્ય તેમજ મંત્રી),ગણદેવી શાખાના સંયોજક શ્રી ધર્મેશભાઈ રાઠોડ ચીખલી શાખાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ મજીગામકર શ્રી રવિન્દ્રભાઈ વર્મા (પ્રમુખ, ગણદેવી માહ્યાવંશી વિકાસ મંડળ), શ્રી રમેશભાઈ ઝીણાભાઈ રાઠોડ (મંત્રી, ગણદેવી માહ્યાવંશી વિકાસ મંડળ) તેમજ ચીખલી શાખાના શ્રી અજયભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

સાથે સાથે પારડી, દહાણુ, બોરીવલી, વિરાર અને ભાયંદર શાખાઓ એ પણ કેક કાપી સંસ્થાના વર્ધાપન દિવસ ની હર્ષોલ્લાસ થી ઉજવણી કરી હતી.

## શ્રી સત્યનારાયણ મહાપૂજા - તા ૨૫-૧૧-૨૦૨૩

નૂતનીકરણ થયેલ શ્રીમતી રેવાબેન ઘડીયાળી હોલના ઉદ્ઘાટન પ્રસંગે શનિવાર તા ૨૫-૧૧-૨૦૨૩ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શ્રી સત્યનારાયણની મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે, શ્રીમતી ગીતાબેન અને શ્રી રાજેશભાઈ એન સરાવ્યાં (ટ્રસ્ટી), શ્રીમતી ભારતીબેન (કારોબારી સભ્ય, કેન્દ્રિય કાર્યાલય) અને શ્રી શાંતિલાલ સુરતી, શ્રીમતી દર્શનાબેન અને શ્રી મહેન્દ્રભાઈ મજીગામકર (શાખા પ્રમુખ, ચિખલી શાખા), શ્રીમતી તૃપ્તિબેન અને શ્રી દિનેશભાઇ રાઠોડ (દાનવીર), શ્રીમતી મનિષાબેન અને શ્રી ધર્મેશભાઈ વાડેકર (દાનવીર)- પાંચ જોડા દ્વારા હવન અને પૂજાની વિધિ મહારાજ શ્રી નવનીતભાઈ શર્માએ કરાવી હતી.

ત્યારબાદ નૂતનીકરણ થયેલ શ્રીમતી રેવાબેન ઘડીયાળી હોલના પ્રવેશ દ્વારની રીબીન કાપીને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કંચનભાઈ માણેકના હસ્તે હોલ નું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

## મનોરંજન કાર્યક્રમ સોમવાર તા ૨૫/૧૨/૨૦૨૩

શ્રી મા.શિ.પ્ર.સંઘનો વાર્ષિક મનોરંજન કાર્યક્રમ સોમવાર તા ૨૫-૧૨-૨૦૨૩ના રોજ અશ્પી ઓડિટોરિયમ, મલાડ પશ્ચિમ મુંબઈ ખાતે સવારે ૯.૩૦ કલાકે રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમાન નરેન્દ્રભાઈ રામભાઈ માહ્યાવંશી અને શ્રીમતી અનિતાબેન નરેન્દ્રભાઈ માહ્યાવંશી ગામ - ધામણ (નિશાળ ફળિયું), તા.નવસારી અને અતિથિ વિશેષ શ્રી રણજીતભાઇ ડી. પટેલ અને શ્રીમતી ભારતીબેન આર. પટેલ ગામ પોસરા (પંચવટી ફળિયું) નવસારી, હાલ ગોરેગાંવ, મુંબઈ, ઉપસ્થિત રહ્યા હતા.

શ્રીમતી રેવાબેન ઘડીયાળી હોલ નૂતનીકરણના દાનવીરો , જેમણે રૂ.૫૦૦૦૦/- થી વધુ દાન આપ્યું હતું, એઓને સ્ટેજ પર આમંત્રિત કર્યા હતા.

મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કંચનભાઈ માણેકે સ્વાગત પ્રવચન તેમજ સંસ્થાની કાર્યવાહીની જાણકારી આપી હતી.

ત્યારબાદ મુખ્ય મહેમાન તેમજ અતિથિ વિશેષના હસ્તે સોવેનિયરનું વિમોચન કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ સરાવ્યાએ સંસ્થાની દરેક પ્રોપર્ટીની જાણકારી આપી હતી અને સરીબુજરંગના પ્લોટ પર શિક્ષણ સંકુલ બનાવવાનું નક્કી કર્યું છે તેની જાણકારી આપી હતી.

સૌથી વધુ જાહેરાત લાવનાર શ્રી રણજીતભાઈ પટેલનું અને સૌથી વધુ ટિકીટ વેચનાર શ્રીમતી ભારતીબેન સુરતીનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની ટિકીટ વેચાણ કરવામાં મદદરૂપ થનાર શ્રી નરસિંહભાઈ રાઠોડ, શ્રી કિશોરભાઈ પટેલ, શ્રી બિપીનચંદ્ર તેમજ સરીબુજરંગ પ્લોટના ડેવેલપમેન્ટમાં મદદરૂપ થનાર શ્રી મહેન્દ્રભાઈ મજીગામકર, ગણદેવી શાખાના કાર્યમાં મદદરૂપ થનાર શ્રી ધર્મેશભાઈ રાઠોડનું પુષ્પગુચ્છ થી સન્માન કરવામાં આવ્યું હતું.

સાથે સાથે નાટકના નિર્માતા શ્રી નિમેષભાઈ, મલ્લિકાબેન, રેવાબેન ઘડિયાળી હોલ નૂતનીકરણના કાર્યમાં સહાયરૂપ આર્કીટેક, ડીલર, સંસ્થાના એકાઉન્ટન્ટ શ્રી કિશોરભાઈ રાઠોડ, ફોટોગ્રાફર શ્રી નીતિનભાઈ પટેલ વગેરે નું પણ પુષ્પગુચ્છ થી સન્માન કર્યું હતું.

આ કાર્યમાં કારોબારી સભ્યો શ્રી ગીરીશ ભાઈ રાઠોડ, શ્રીમતી ભારતી બેન સુરતી, શ્રી ઉમેશભાઈ, શ્રી સુભાષભાઈ, શ્રીમતી જયશ્રીબેન, ડો. સોનલબેન, શ્રી ધર્મેશભાઈ, વગેરેનો સુંદર સહકાર રહ્યો હતો.

કાર્યક્રમનુ સંચાલન મહામંત્રી શ્રી હેમંતભાઈ મગોદિયાએ કર્યુ હતું અને છેલ્લે પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈએ દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો અને દરેક કારોબારી સભ્યોને સ્ટેજ પર ગ્રુપ ફોટા માટે આમંત્રિત કર્યા હતા.

ત્યાર બાદ નાટક ‘જસુબેન જોરદાર’ની શરૂઆત થઈ હતી.

**<u>સંસ્થાના ટ્રસ્ટી મંડળ</u>**

સંસ્થાના ટ્રસ્ટી મંડળની વર્ષ દરમ્યાન ૪ સભા મળી હતી.

**<u>જ્ઞાતિ પ્રમાણપત્ર</u>**

વર્ષ દરમ્યાન સંસ્થાએ સમાજના ૨૩ વ્યક્તિ/વિદ્યાર્થી ભાઈ બહેનોને જ્ઞાતિ પ્રમાણપત્ર આપવામાં આવ્યા.

**<u>ગુજરાતી ભાષા પ્રમાણપત્ર</u> (linguistics minority)**

વર્ષ દરમ્યાન સંસ્થાએ સમાજના ૬૭ વિદ્યાર્થીઓને શાળા / કોલેજ પ્રવેશ માટે આ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

## આજીવન સભાસદો

વર્ષ દરમ્યાન –૨૦ આજીવન સભાસદ જોડાયા હતા, જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી સુનિલ વામનભાઈ સુરતી | ૨૨૩૭ |
| ૨. | શ્રી પંકજ સાનુ સુરતી | ૨૨૩૮ |
| ૩. | પન્નાબેન હેમંતભાઈ માહ્યાવંશી | ૨૨૩૯ |
| ૪. | શ્રી અશોક વલ્લભભાઈ સોલંકી | ૨૨૪૦ |
| ૫. | શ્રીમતી હેમાલી પ્રિતેશભાઈ પટેલ | ૨૨૪૧ |
| ૬. | શ્રી અમૃતલાલ લલ્લુભાઈ પટેલ | ૨૨૪૨ |
| ૭. | શ્રી જસવંતભાઈ સુખાભાઈ પટેલ | ૨૨૪૩ |
| ૮. | શ્રી કીર્તિભાઇ નારણભાઈ રાઠોડ | ૨૨૪૪ |
| ૯. | શ્રી કાંતિલાલ ગોવિંદજી રાઠોડ | ૨૨૪૫ |
| ૧૦. | શ્રી હેમંતભાઈ મગનભાઈ પટેલ | ૨૨૪૬ |
| ૧૧. | શ્રી અમિતભાઇ હરકિશનભાઈ પટેલ | ૨૨૪૭ |
| ૧૨. | શ્રી પ્રતીક સુરેશભાઈ ગોહિલ | ૨૨૪૮ |
| ૧૩. | શ્રીમતી મૈત્રી પ્રતીક ગોહિલ | ૨૨૪૯ |
| ૧૪. | શ્રીમતી હીનાબેન ગીરીશભાઈ રાઠોડ | ૨૨૫૦ |
| ૧૫. | શ્રી ધવલભાઈ ઠાકોરભાઈ બારોટ | ૨૨૫૧ |
| ૧૬. | શ્રી સુનિલભાઈ માણેકલાલ કાજ | ૨૨૫૨ |
| ૧૭. | શ્રી ભરતભાઈ હીરુભાઈ પટેલ | ૨૨૫૩ |
| ૧૮. | પલ અશોકભાઈ પરિયાવાલા | ૨૨૫૪ |
| ૧૯. | ઉમંગ અશોકભાઈ પરિયાવાલા | ૨૨૫૫ |
| ૨૦. | હિરેન મહેન્દ્રભાઈ સુરતી | ૨૨૫૬ |

આમ વર્ષ ને અંતે આજીવન સભાસદ ની સંખ્યા ૨૨૫૬ થઇ હતી.

## પેટ્રન સભાસદો

નીચે મુજબ ના સભાસદો પેટ્રન તરીકે જોડ્યા છે.

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી સરોજબેન સુભાષભાઈ બારોટ | પી- ૬૧ |
| ૨. | શ્રી સુરજભાઈ જીવણજી જબરા | પી - ૬૨ |
| ૩. | શ્રીમતી ગીતાબેન રાજેશભાઈ સરાવ્યા | પી-૬૩ |
| ૪. | શ્રીમતી લતાબેન મનીષભાઈ માહ્યાવંશી | પી-૬૪ |
| ૫. | શ્રીમતી દર્શનાબેન પ્રવિણભાઈ સોલંકી | પી-૬૫ |

## કારોબારી સમિતિ

શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ ની કારોબારી સમિતિ ની સપ્ટેમ્બર ૨૦૨૩ થી ઓગસ્ટ ૨૦૨૪ દરમ્યાન સભા માં સભ્યો ની હાજરી નીચે મુજબ હતી.

| અનુ. ક્ર | નામ | હોદ્દો | No.of meeting | No. of meeting attended |
|---|---|---|---|---|
| ૧ | શ્રી કંચનભાઈ ડી માણેક | એક્સ.ઓફિસિઓ | ૧૨ | ૧૧ |
| ૨ | શ્રી નરેન્દ્ર ડી રાઠોડ | પ્રમુખ | ૧૨ | ૧૨ |
| ૩ | શ્રી અરુણભાઈ પી પટેલ | ઉપપ્રમુખ | ૧૨ | ૭ |
| ૪ | શ્રી સંજીવ એસ હરિયાકર | ઉપપ્રમુખ | ૧૨ | ૭ |
| ૫ | શ્રી હેમંત આર મગોદિયા | મહામંત્રી | ૧૨ | ૧૨ |
| ૬ | શ્રી ગિરીશ બી વાંઝવાલા | સહમંત્રી | ૧૨ | ૯ |
| ૭ | શ્રી સુભાષભાઈ એસ બારોટ | સહમંત્રી | ૧૨ | ૫ |
| ૮ | શ્રી ઉમેશભાઈ ડી જાદવ | સહમંત્રી | ૧૨ | ૬ |
| ૯ | શ્રી ગીરીશભાઈ રાઠોડ | ખજાનચી | ૧૨ | ૭ |
| ૧૦ | શ્રી ધીરજભાઈ હલધર | સભ્ય | ૧૨ | ૧ |
| ૧૧ | શ્રી નગીનભાઈ રાઠોડ | સભ્ય | ૧૨ | ૫ |
| ૧૨ | શ્રી નટુભાઈ એમ પટેલ | સભ્ય | ૧૨ | ૯ |
| ૧૩ | શ્રીમતી જયશ્રીબેન તવડીયા | સભ્ય | ૧૨ | ૬ |
| ૧૪ | શ્રીમતી ભારતીબેન સુરતી | સભ્ય | ૧૨ | ૭ |
| ૧૫ | ડૉ.મેહુલભાઈ તીથલીયા | સભ્ય | ૧૨ | ૦ |
| ૧૬ | ડૉ. સોનલબેન વહાણવાલા | સભ્ય | ૧૨ | ૮ |
| ૧૭ | ડૉ. હેમંતભાઈ જાખીયા | સભ્ય | ૧૨ | ૧૨ |
| ૧૮ | શ્રી તેજસકુમાર રાધારી | સભ્ય | ૧૨ | ૯ |
| ૧૯ | શ્રી રણજીતભાઈ ડી પટેલ | સભ્ય | ૧૨ | ૧૦ |
| ૨૦ | શ્રીમતી દુર્ગાબેન રાઠોડ | સભ્ય | ૧૨ | ૦ |
| ૨૧ | શ્રી ધર્મેશ એમ રાઠોડ | સભ્ય | ૧૨ | ૭ |

## શાખાઓ ની પ્રવૃત્તિઓ

## અંધેરી-વિલેપાર્લે શાખા - સ્થાપના : ૧૩-૦૮-૧૯૯૮

અધેરી વિલેપાર્લે શાખા ના વિસ્તાર મા  જોગેશ્વરી અને સાન્તાક્રૂઝ વિસ્તાર ના સભ્યો નો સમાવેશ કરી એડહોક સમિતી ની રચના કરવામા આવી હતી, જે નીચે મુજબ છે.

૧) શ્રી સુરજભાઈ જબરા (રીંગણવાડા, સાંતાક્રુઝ),
(૨) શ્રી ગીરીશભાઈ વાંઝવાલા (વાંઝ, જોગેશ્વરી),
(૩) શ્રી સુરેશભાઈ એમ. રાઠોડ( ગણદેવા, અંધેરી)
(૪) શ્રી રમેશભાઈ એમ. પટેલ (ખાપરીયા , જોગેશ્વરી),
(૫) શ્રી ઉમેશભાઈ આર. રાઠોડ (જલાલપોર) (જોગેશ્વરી)
(૬) શ્રી જયપ્રકાશભાઈ  સુરતી (કલવાડા, જોગેશ્વરી),
(૭) શ્રી ચેતનભાઈ દિપકભાઈ પટેલ (કોથમડી, અંધેરી)
(૮)શ્રી કિશોરભાઈ  વી. પટેલ (વેજલપોર, અંધેરી)
(૯) શ્રી મહેન્દ્રભાઈ મહુવરકર (મહુવર, અંધેરી)
(૧૦) શ્રી જયંતીભાઈ પટેલ (સીમળગામ, જોગેશ્વરી),
(૧૧) શ્રી બિપીનભાઈ ચિમનભાઈ રાઠોડ (જોગેશ્વરી)

## ભાયંદર શાખા:  સ્થાપના : ૦૮-૦૮-૧૯૯૩

સરનામુ - શ્રી નરસિંહભાઈ એન રાઠોડ, બી ,૧૦૫ દેવ સૃષ્ટી, ૬૦ ફુટ રોડ, ભાયંદર પશ્ચિમ, ડી. થાણા. ૪૦૧ ૧૦૧.

**કારોબારી સમિતિ-વર્ષ ૨૦૨૨-૨૫**

પ્રમુખ - ડૉ. નલિનભાઈ વેષ્માકર
ઉપપ્રમુખ - શ્રી ઈશ્વરભાઈ કારા
ઉપપ્રમુખ - શ્રી નવીનભાઈ બારોટ
મંત્રી - શ્રી મહેશભાઈ એન રાઠોડ
ખજાનચી - શ્રી જતીન હરિયાકર
સહમંત્રી - શ્રી ભરતભાઈ બારોટ
સહમંત્રી - શ્રી સુમંતરાય રાઠોડ

સભ્યો - શ્રી નરસિંહભાઈ રાઠોડ
શ્રી હેમંત મગોદિયા
શ્રી ઝૂપેશભાઈ પટેલ
શ્રી હિતેશભાઈ સરૈયા
શ્રી સંજીવભાઈ હરિયાકર
શ્રી ચીમનલાલ રાઠોડ

**<u>પ્રવૃત્તિઓ</u>**

વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન શાખા કોઈપણ વિદ્યાર્થી લક્ષી પ્રત્યક્ષ કાર્યક્રમ કરી શકી નહિ. પરંતુ શાખા વિસ્તાર ના જરૂરિયાતમંદ ૪ વિદ્યાર્થીઓ ને આર્થિક સહાય પેટે રૂ.૧૧૦૦૦/- કેન્દ્રીય કાર્યાલય ની મદદ થી આપવામાં આવ્યા હતા.

**<u>સંસ્થાનો વર્ધાપન દિવસ ૨૧/૧૧/૨૦૨૩</u>**

તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ ખજાનચી શ્રી જતીનભાઈ હરિયાકર ના ઘરે સંસ્થા ના લોગો વાળી કેક કાપી શાખા ના કાર્યકર્તા ઓ એ વર્ધાપન દિવસ ની ઉજવણી કરી હતી.

## <u>બોરીવલી શાખા સ્થાપના : ૧૮-૦૩-૨૦૦૧</u>

સરનામુ - C/o. શ્રી અરુણભાઈ પી પટેલ, ડી ૩૧ સદાનંદ પાર્ક કો. હા. સો. લી., એમ.એચ.બી. કોલોની (જૂની)ની નજીક, ઑફ લીંક રોડ, બોરીવલી પશ્ચિમ, મુંબઈ ૪૦૦ ૦૯૧.

**કારોબારી સમિતી ૨૦૨૨-૨૫**

પ્રમુખ : શ્રી અરૂણભાઇ પી પટેલ
ઉપપ્રમુખ : શ્રી ઉમેશભાઈ જે પટેલ
ઉપપ્રમુખ : શ્રી નગીનભાઈ બી. .સુરતી
મંત્રી : શ્રી વિજયભાઈ જી. રાઠોડ
સહમંત્રી : શ્રી ઉમેશભાઈ આર પટેલ
સહમંત્રી : શ્રી કિરણભાઈ દેહરીકર
ખજાનચી : શ્રી નટવરલાલ બી. પટેલ :
અંતર્ગત ઓડીટર : શ્રી તેજસભાઇ રાધારી

**સભ્યો**

શ્રીમતી ભારતીબેન એસ. સુરતી
શ્રીમતી જયશ્રીબેન તવડીયા
શ્રી મહેશભાઈ વી. પટેલ
શ્રી જગદીશભાઇ બારોટ
શ્રી બીપીનચંદ્ર જે. પટેલ
શ્રી કેશવભાઈ સરીગામવાલા
શ્રી નગીનભાઈ એમ.રાઠોડ
ડૉ. હેમંત જાખીયા (Co-opt)
શ્રી અશોકભાઈ સોલંકી (Co-opt)

**પ્રવૃત્તિઓ :**

૧. સંઘ ની બોરીવલી શાખાનું સ્નેહ મિલન તેમજ મનોરંજન કાર્યક્રમ સોમવાર તારીખ ૦૧/૦૫/૨૦૨૩ ના રોજ ગર્જતો મરાઠી બેન્કવેટ હોલ , રેલનગર , બોરીવલી પશ્ચિમ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં અતિથિ વિશેષ તરીકે શ્રીમતી કલ્પનાબેન અને શ્રી અશોકભાઈ શામજીભાઈ બારોટ (ગામ દેવસર, હાલ- કાંદિવલી મુંબઈ) ઉપસ્થિત રહ્યા હતા. મેનેજીંગ ટ્રસ્ટી માનનીય શ્રી કંચનભાઈ માણેક, ટ્રસ્ટી શ્રીમતી મીતાબેન સૂર્યવંશી, ઉપપ્રમુખ શ્રી સંજીવભાઈ હરિયાકર, સહમંત્રીશ્રી ઉમેશભાઈ જાદવ, કારોબારી સભ્ય શ્રી ધર્મેશભાઈ રાઠોડે હાજરી આપી હતી.

આ સ્નેહ મિલન કાર્યક્રમ સ્વરાંજલિ પ્લસ ઓર્કેસ્ટ્રા ના કલાકારો એ ભરપૂર મનોરંજન પૂરું પાડ્યું હતું એમાં શ્રી ઈશ્વરભાઈ બારોટે મુખ્ય વાજિંત્ર વગાડી મનોરંજન માં વધારો કર્યો હતો. છેવટે ઉપસ્થિત દરેક રાસ ગરબા રમ્યા અને સ્વરુચિ ભોજન લઇ છુટા પડ્યા હતા.

૨. શાખાનો નોટબુક સહાય અને પ્રોત્સાહન રકમ વિતરણ કાર્યક્રમ રવિવાર તા. ૨/૦૭/૨૦૨૩ ના રોજ યોગી નગર હાઉસિંગ સોસાયટી એસોસિએશન હોલ , યોગી નગર , બોરીવલી પશ્ચિમ મુંબઈ ખાતે રાખવામાં આવ્યો હતો. શાખા મંત્રી શ્રી વિજયભાઈ રાઠોડે ઉપસ્થિત સર્વ નું સ્વાગત કર્યું અને શાખા પ્રમુખ શ્રી અરુણભાઈ એ શાખા ની કાર્યવિધિ ની જાણકારી આપી હતી. સંસ્થાના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ રાઠોડે વિદ્યાર્થીઓ ને મળતી સહાય વિષે ની જાણકારી આપી અને મહામંત્રી શ્રી હેમંત મગોદિયા એ વિદ્યાર્થીઓ ને માર્ગદર્શન આપ્યું હતું. ડો. ધીરુભાઈ મકવાણા એ પણ વિદ્યાથી લક્ષી માહિતી આપી હતી. આ કાર્યક્રમ માં કારોબારી સભ્ય શ્રી નટવરભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ માં શારીરિક વિકલાંગ વિદ્યાર્થીની કુ.ફોરમ અજીતભાઈ રાઠોડ (દહિસર) થી એમના પિતાશ્રી અજીતભાઈ જોડે આવ્યા હતા, આ વિદ્યાથીની પોતે લખી શકે તેમ ન હોવાથી રાઈટર રાખી મહારાષ્ટ્ર HSC બોર્ડ ની માર્ચ ૨૦૨૩ ની પરીક્ષા ૭૨% થી ઉત્તીર્ણ થઇ હતી. આ વિદ્યાર્થીનીની સિદ્ધિ સાંભળી હોલ માં ઉપસ્થિત સર્વે તાળીઓ વગાડી વિદ્યાથીની ને પ્રોત્સાહિત કરી હતી. છેવટે દરેક નો આભાર માની સ્વરુચિ ભોજન લઇ કાર્યક્રમ પૂરો જાહેર કર્યો હતો.

૩. સંઘ ની બોરીવલી શાખાની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તારીખ ૨૯/૧૦/૨૦૨૩ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે સમાજ કલ્યાણ હોલ ,જોગર્સ પાર્ક ,ચીકુવાડી બોરીવલી પશ્ચિમ ખાતે આયોજવામાં આવી હતી .

આ વાર્ષિક સામાન્ય સભામાં મુખ્ય કાર્યાલય થી સંઘના માનનીય પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ રાઠોડ , કારોબારી સમિતિના સભ્ય ડો. હેમંતભાઈ જાખીયા અને શ્રીમતી ભારતીબેન સુરતી હાજર રહ્યા હતા.

સંઘના ઉપપ્રમુખ તથા બોરીવલી શાખા ના પ્રમુખ શ્રી અરૂણભાઇ પટેલે બોરીવલીની આજ સુધીની શાખાની ગતિવિધિઓ જાણકારી આપી હતી . સંઘના પ્રમુખશ્રી નરેન્દ્ર ભાઈ રાઠોડે સંઘના મુખ્ય કાર્યાલયની ગતિવિધિ નો ચિતાર આપ્યો હતો .શ્રીમતી ભારતીબેન સુરતી એ બોરીવલી શાખાના સભ્યો હજી આગળ આવે અને શાખાને મદદરૂપ થાય અને શાખા નું નામ આગળ આવે એ માટે સર્વને શુભેચ્છા આપી હતી .

આ સભામાં ડો બકુલ રોય અને ડો. ધીરુભાઈ મકવાણાએ પોતપોતાના મંતવ્યો વ્યક્ત કર્યો હતા. છેવટે બોરીવલી શાખાના ઉપપ્રમુખ શ્રી ઉમેશચંદ્ર પટેલે ઉપસ્થિત સર્વનો આભાર વ્યક્ત કર્યો હતો.

૪. બોરીવલી શાખા એ સંસ્થા નો સ્થાપના દિવસ તા.૨૧ નવેમ્બર ૨૦૨૩ના સાંજે ૪.૩૦ કલાકે , ચીકુવાડી રેસિડેન્ટ વેલ્ફેર એસોસિએશન ના સમાજ કલ્યાણ હોલ , બોરીવલી પશ્ચિમ ખાતે ઉજવ્યો હતો . શાખા ના સભ્યો ભેગા થઇ સ્થાપના દિવસ ની કેક કાપી ઉજવણી કરી હતી.

## ચીખલી શાખા : સ્થાપના : ૧૬-૦૯-૨૦૦૧

ટી ૪, પ્રયોશા કોમ્પ્લેક્સ , કુમાર શાળાની સામે, તલાવચોરા રોડ, ચીખલી, તા. ચીખલી, જિલ્લા નવસારી

**કારોબારી સમિતિ- ૨૦૨૨-૨૫**

પ્રમુખ : શ્રી મહેન્દ્રભાઇ ડી મજીગામકર
ઉપપ્રમુખ : શ્રી રસિકભાઇ છગનભાઇ બારોટ
ઉપપ્રમુખ : શ્રી સુરેશભાઇ એલ રાઠોડ
મંત્રી : શ્રી મહેશભાઇ પી બારોટ
સહમંત્રી : શ્રી પાર્થ એમ મજીગામકર
સહમંત્રી : શ્રી હિતેશકુમાર બી પરમાર
ખજાનચી : શ્રી પંકજભાઇ ટી માહ્યાવંશી

**સભ્ય :**

પ્રો.દિનેશભાઇ એસ રાઠોડ
શ્રી બ્રિજેશભાઇ રમણભાઇ માહ્યાવંશી
શ્રી વિરેન્દ્રકુમાર ભીખુભાઇ રાઠોડ
શ્રી વિનોદભાઇ એલ રાઠોડ
શ્રીમતિ અંજનાબેન રણછોડભાઇ પટેલ
શ્રી ગીરીશભાઇ બી રાઠોડ
શ્રી હરીશભાઇ રામજીભાઇ પટેલ
આંતરિક ઓડીટર :
શ્રી અજયકુમાર ફકીરભાઇ રાઠોડ

**પ્રવૃત્તિઓ :**

સંઘની ચીખલી શાખા દ્વારા રવિવાર, તા.૨૭/૦૮/૨૦૨૩ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે કોળી પટેલ સમાજ ની વાડી ચિખલી ખાતે તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ તેમજ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય,નોટબુક સહાય,મેરીટ સ્કોલરશીપ તેમજ સમાજના નિવૃત્ત થયેલ કર્મચારીઓનું સન્માન સમારોહ યોજ્યો હતો.

આ સમારંભના પ્રમુખ શ્રી હિરેનભાઈ વિનોદભાઇ રાઠોડ (સિનિયર મેનેજર, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા, બારડોલી ) તેમજ મુખ્ય મહેમાન શ્રી તરુણભાઇ ભગત (આસિસ્ટન્ટ ઇજનેર, R & B સબ ડિવિઝન , નવસારી ) ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. અતિથી વિશેષ તરીકે પ્રો. શ્રી ધવલભાઈ ઠાકોરભાઈ બારોટ (સહાયક પ્રાધ્યાપક, સરકારી ઇજનેર કોલેજ વલસાડ ), શ્રી બીપીનભાઈ ઝેડ રાજ (બીલીમોરા) અને કુ.વીની રાઠોડ (ઇનચાર્જ આચાર્યા, બીલીમોરા ઇન્ટરનેશનલ સ્કૂલ ) ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ વ્યક્તિ વિશેષ તરીકે શ્રી જયેશભાઈ એલ પટેલ (નિવૃત્ત નાયબ કલેક્ટર, નવસારી) હાજર રહ્યા હતા. ટિંકલ મજીગામકર દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી હતી.

ત્યારબાદ શાખાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ ડી મજીગામકરે આમંત્રિત મહેમાનોને શબ્દોથી આવકારી, પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ત્યારબાદ વિવિધ શૈક્ષણિક બોર્ડની પરીક્ષાઓમા ઝળહળતું પરિણામ મેળવનાર નીચે મુજબના વિદ્યાર્થીઓને મેડલ, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

| ક્રમ | બોર્ડ | મેળવેલ ક્રમ | વિદ્યાર્થીનું નામ | ગામ |
|---|---|---|---|---|
| ૧ | એસ એસ સી | ૧ | રાઠોડ સમીક્ષા સંતોષભાઈ | કુકેરી |
| ૨ | એસ એસ સી | ૨ | ધ્રુવી બીપીનભાઈ પટેલ | માણેકપોર |
| ૩ | એસ એસ સી | ૩ | બારોટ દૂર્વા યોગેશભાઈ | વંકાલ |
| | | | રાઠોડ ઈશીતા અજયકુમાર | સમરોલી |
| | | | રાઠોડ દક્ષ નીતિનભાઈ | ફડવેલ |
| ૪ | એચ એસ સી (સામાન્ય પ્રવાહ ) | ૧ | પરમાર વિભા નિરંજનભાઈ | ખેરગામ |
| ૫ | એચ એસ સી (સામાન્ય પ્રવાહ ) | ૨ | પટેલ ધ્રુવિલ મનોજભાઈ | વંકાલ |
| ૬ | એચ એસ સી (સામાન્ય પ્રવાહ ) | ૩ | રાઠોડ કૃતિ હરેશભાઈ | કાંગવઈ |
| ૭ | એચ એસ સી (વિજ્ઞાન પ્રવાહ ) | ૧ | વૃદ્ધી હેમંતભાઈ રાઠોડ | ઘેકટી |
| ૮ | એચ એસ સી (વિજ્ઞાન પ્રવાહ ) | ૨ | માહ્યાવંશી તનીશ પંકજભાઈ | મીણકચ્છ |
| ૯ | એચ એસ સી (વિજ્ઞાન પ્રવાહ ) | ૩ | રાઠોડ વૃશાલી પ્રફુલભાઈ | સાદડવેલ |

આ કાર્યક્રમ માં સમાજના ૧૧૦ જેટલા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ૩૩૦૦૦/- રૂપિયાની નોટબુક સહાય આપવામાં આવી હતી. અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓનું શિક્ષણ આર્થિક પરિસ્થિતિને કારણે બગડે નહી તે હેતુથી ૫૦ વિદ્યાર્થીઓને કેન્દ્રિય કાર્યાલય મુંબઈ તરફથી ૧૦૮૦૦૦ રૂપિયાની આર્થીક સહાય તેમજ શાખા તરફથી ૧૬ જેટલા વિદ્યાર્થીઓને ૧૭૦૦૦ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવી હતી. તદ ઉપરાંત વર્ષ દરમિયાન કુ મિનલ રાજેશભાઈ રાઠોડ - રાનવેરી ખુર્દ, ધ્રુવ હરીશભાઈ સુરતી - બામણવાડા, ઈશાન આર વાડેકર - મજીગામ, ધ્રુવિલ મનોજભાઈ પટેલ - વંકાલ, મનાલી એમ રાઠોડ - રાનવેરી ખુર્દ અને કુ ખ્યાતી પ્રવીણભાઈ સોલંકી - મજીગામ જેવા સમાજના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં આકસ્મિક જરૂરિયાત ઊભી થતાં ૫ વિદ્યાર્થીઓને રૂપિયા ૧૩૦૦૦/-ની આર્થિક સહાય કરવામાં આવી હતી.

ધો ૭ થી ૯ માં જે વિદ્યાર્થીઓએ ૭૦ ટકા થી વધુ ગુણ મેળવેલા હોય એવા ૧૬ વિદ્યાર્થીઓને કેન્દ્રિય કાર્યાલય તરફથી મેરીટ સ્કોલરશીપ તરીકે ૯૬૦૦/- રૂપિયા ( દરેક વિદ્યાર્થીને ૬૦૦/-) આપી પ્રોત્સાહિત કર્યા હતા.

સમાજના સ્નાતક તેમજ અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓને મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા ઓમા મેરીટ માં આવી સમાજનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને સ્મૃતિભેટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સમાજના સેવા નિવૃત્ત થયેલ કર્મચારી શ્રીકિર્તીભાઈ ડી પટેલ (ચીફ ઓફિસર વે.રે. ચર્ચગેટ - ગામ - સોલધરા ), શ્રીમતી મીનાક્ષીબેન એન રાઠોડ (નિવૃત્ત શિક્ષિકા, વંકાલ),

અંજનાબેન ગોવિંદભાઇ રાનવેરીયા (સિનિયર ક્લાર્ક, ચોખા સંશોધન કેન્દ્ર,વ્યારા, કૃષિ યુની. નવસારી,) મંજુલાબેન એફ આલીપોરિયા ( પોસ્ટ માસ્ટર - હોન્ડ ) તેમજ શ્રી જિતેન્દ્રભાઈ બી ટેલર (ફોરેસ્ટર,વન વિભાગ ગણદેવી ગામ - મજીગામ ) નું સમાજ વતી શાલ ઓઢાડી સન્માનપત્ર અર્પણ કરી નિવૃતિ શુભેચ્છાઓ આપી હતી.

સમારોહમાં કેન્દ્રિય કાર્યાલય મુંબઈના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ, મહામંત્રી શ્રી હેમંતભાઈ મગોદિયા, સહમંત્રી શ્રી ગિરીશભાઈ વાંજવાલા તેમજ અન્ય કારોબારી સભ્યો અને વિરાર, ભાયન્દર તેમજ દહાણુ શાખાના પ્રમુખશ્રીઓ/સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ તેમના વક્તવ્યમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી કહ્યું હતું કે સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી.

આ વર્ષના અંતે સમાજના ભાઈઓ ,વડીલો, આગેવાનો, કાર્યક્રમના આમંત્રીત મુખ્ય મહેમાનશ્રીઓ તેમજ સમાજના આ વર્ષે નિવૃત્ત થયેલ કર્મચારીઓ તરફથી મળેલ રોકડ સહયોગ રૂપિયા ૫૩૭૨૭/- તેમજ ચેક , ઓન લાઇન થી બેન્કમાં જમા થયેલ સહયોગ રૂપિયા ૨૦૪૩૨૨/- જેટલી માતબર રકમ દાન માં મળી છે. જે બચત થતાં આ વર્ષે ૧૫૧૦૦૦/- રૂપિયાની ફિક્સ ડિપોઝિટ કરતાં ચીખલી શાખાની અત્યાર સુધીની કુલ ૧૩૫૧૦૦૦/- ( તેર લાખ એકાવન હજાર રૂપિયા ) ની ફિક્સ ડિપોઝીટ થઇ છે.

શાખાના મંત્રીશ્રી મહેશભાઇ પી બારોટે સમગ્ર કાર્યક્રમની સફળતા માટે ઉપસ્થિત તામામ સમાજ ના ભાઈઓ, વડીલો, આગેવાનો, બહનો, વિદ્યાર્થીઓ, મંચસ્થ તમામ મહાનુભાવોનો અને ઉપસ્થિત કેન્દ્રિય કાર્યાલયની સમગ્ર ટીમનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઓડિટરશ્રી અજયકુમાર એફ રાઠોડે કર્યું હતું . અંતમાં રાષ્ટ્રીય ગીત ગાઈ સૌ સાથે ભોજન લઈ કાર્યક્રમની પૂર્ણાહુતિ જાહેર કરી હતી.

૨. S.S.C. અને H.S.C. બોર્ડ ૨૦૨૪ ના વિદ્યાર્થીઓની શુભેચ્છા મુલાકાત

શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ, મુંબઈ ચીખલી શાખા દ્વારા શાખા પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ, ઉપપ્રમુખ શ્રી રસિકભાઈ તેમજ ખજાનચી શ્રી પંકજભાઇ ,મંત્રીશ્રી મહેશભાઇ પી બારોટ તેમજ ઓડિટર શ્રી અજય રાઠોડ સાથે ખૂંધ , તલાવચોરા, સોલધરા, ઘેજ , બીલીમોરા , સાદકપોર,ખેરગામ, મીણકરછ, જોગવાડ ,ટાંકલ, નોગામા, રાનકુવા, કુકેરી, હરણગામ, કુંમકોતર , કોષ, આલીપોર અને કાંગવાઇ ની મુલાકાત લઈ ધો ૧૦ અને ધો ૧૨ ની માર્ચ ૨૦૨૪ બોર્ડની પરીક્ષા આપનાર સમાજના ૩૦ જેટલા વિદ્યાર્થીઓની ઘરે જઈ પ્રત્યક્ષ મુલાકાત લઈ તેમને NEELA CONSTRUCTION - મજીગામ તરફથી લખવા માટેનું પારદર્શક પેડ અને પાંચ નંગ બોલપેન તેમજ બોર્ડના દરેક વિદ્યાર્થીઓને સમાજના દાતાશ્રી નગીનભાઈ ભગાભાઈ રાઠોડ ગામ - ચરી, શ્રી ચુનીલાલભાઈ રાઠોડ ગામ - રાનવેરી ખુર્દ તેમજ સુહાગન જ્વેલર્સ ચિખલીના સહયોગથી રૂપિયા ૨૫૧/- પ્રોત્સાહિત રકમ આપી સારા ગુણ મેળવી ઉતીર્ણ થાય એવી શુભકામના આપવામાં આવી હતી.

૩. સમાજના વ્યક્તિ વિશેષની શુભેચ્છા મુલાકાત.

શ્રી માહયાવંશી શિક્ષણ પ્રચારક સંઘ મુંબઈ ની ચિખલી શાખાની કારોબારી સમિતિ દ્વારા સમાજના એક સાથે ત્રણ ત્રણ યુવા વ્યક્તિ વિશેષ કે જેમણે સમાજનું નામ ગુંજતું કર્યું એવા એડ્વોકેટ શ્રી મયૂરભાઈ ગુલાબભાઈ કોલસાવાલા ગામ - મીણકચ્છ, એડ્વોકેટ શ્રી નિશાંત પરમાર ગામ - ખેરગામ તેમજ એડ્વોકેટ શ્રી કૌશિક ખેરગામકર ગામ - ખેરગામને ભારત સરકાર દ્વારા એડ્વોકેટ નોટરી પબ્લિક ઓફ ઈન્ડિયા તરીકે નિમણૂક થતાં કમિટીએ એમની રૂબરૂ મુલાકાત લઈ પ્રમુખશ્રી મહેન્દ્રભાઇ ડી મજીગામકર સહ શુભેચ્છાઓ આપી ખુશી વ્યક્ત કરી હતી.

## દહાણુ શાખા : સ્થાપના : ૧૪-૦૪-૨૦૦૫

શ્રી જીતેન્દ્રભાઈ ગોવિંદભાઇ લોટીયા

ડો. આંબેડકર નગર, મસોલી, દહાણુરોડ , ડી.પાલઘર : ૪૦૧ ૬૦૨

**કારોબારી સમિતિ- ૨૦૨૨-૨૫**

પ્રમુખ : શ્રી અમ્રતલાલ એસ સુરતી

ઉપપ્રમુખ : શ્રી ચંદનભાઈ બી માહ્યાવંશી

ઉપપ્રમુખ : શ્રી નગીનભાઈ ડી દેવા.

મંત્રી : શ્રી સંતોષભાઈ એલ સુરતી

સહમંત્રી : શ્રી સુનિલભાઈ એન સુરતી

સહમંત્રી : શ્રી દિલીપભાઈ પી બોરડીવાળા

ખજાનચી : શ્રી જીતેન્દ્રભાઈ જી લોટીયા

સભ્યો :

શ્રી ફકીરભાઈ બી સુરતી

શ્રી પ્રીતમભાઇ આર સુરતી

શ્રી ઘનશ્યામભાઈ એલ કાઠે

શ્રી હરેશભાઇ બી સુરતી

**પ્રવૃત્તિઓ :**

૧. રવિવાર તા.૧૪/૫/૨૦૨૩ ના રોજ સંગીત સંધ્યા નો કાર્યક્રમ બપોરે ૨.૩૦ થી ૬.૦૦ કલાકે દરમ્યાન મસોલી સમાજ મંદિર હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ સંગીત સંધ્યા નો કાર્યક્રમ આપણા સમાજ ના શ્રી ભુપેન્દ્ર ભાઈ રાઠોડ , વડાલા, મુંબઈ થી અહીં આવી ઘણા જ રાહત દરે કર્યો હતો.

આ કાર્યક્રમ માં કેન્દ્રીય કાર્યાલય થી પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ, મહામંત્રી શ્રી હેમંત મગોદિયા, સહમંત્રી શ્રી ગીરીશભાઈ વાંઝવાલા અને શ્રી ઉમેશભાઈ જાદવ ઉપસ્થિત રહ્યા હતા.

અલ્પાહાર ની વ્યવસ્થા શ્રી સચીનભાઈ રણછોડભાઈ માહ્યાવંશી મિત્ર મંડળ તરફથી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ દ્વારા થયેલ આવક માંથી તથા અન્ય દાતા ની મદદ થી ૧૪૪ ડઝન નોટબુક નું વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્ય દાતા ઓ શ્રી ચંદનભાઈ બાવજીભાઈ માહ્યાવંશી -રૂ.૫૦૦૦/-,

શ્રી જીતેન્દ્રભાઈ લોટીયા (પિતા સ્વ.ગોવિંદભાઇ લોટીયા ના સ્મરણાર્થે) રૂ.૫૦૦૦/- તેમજ શ્રી અમ્રતભાઈ સુકરભાઈ સુરતી (માતા સોનીબેન સુકરભાઈ સુરતી ના સ્મરણાર્થે) રૂ.૧૦,૦૦૦/- હતા. મસોલી ગામ ના ધોરણ ૯ થી ઉપરના દરેક વિદ્યાર્થીઓ ને લોગેરિથમ તથા મેથ્સ ફોર્મ્યુલાના પુસ્તક શ્રી અમ્રતભાઈ સુકરભાઈ સુરતી તરફથી ભેટ આપવામાં આવી હતી.

૨. નોટબુક વિતરણ કાર્યક્રમ રવિવાર તારીખ ૨૭/૦૮/૨૦૨૩ ના રોજ રાખવાં માં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય કાર્યાલયથી સહ મંત્રી શ્રી ગીરીશભાઈ વાંઝવાલા, શ્રી ઉમેશભાઈ જાદવ, ડૉ. શ્રી હેમંતભાઈ જાખીયા ઉપસ્થિત રહ્યા હતાં અને દહાણુ શાખાના સાતે સાત ગામ માં એકજ દિવસમાં નોટબુક સહાય વિતરણ નું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યુ હતું.

| **ગામ** | **વિદ્યાર્થીઓની સંખ્યા** | **કે. કા. દ્વારા ૩૦૦/- પ્રતિ વિ.** | **શાખા દ્વારા ૫૦/- પ્રતિ વિ.** | **મેરીટ સ્કોલ. ૬૦૦ પ્રતિ.વિ.** |
|---|---|---|---|---|
| બોરડી | ૪૫ | ૧૩૫૦૦ | ૨૨૫૦ | ૧૨૦૦ (૨) |
| ચીખલા | ૧૫ | ૪૫૦૦ | ૭૫૦ | ૧૨૦૦ (૨) |
| ઘોલવડ | ૬૯ | ૨૦૭૦૦ | ૩૪૫૦ | ૧૨૦૦ (૨) |
| કકરાડી | ૧૫ | ૪૫૦૦ | ૭૫૦ | ૧૮૦૦ (૩) |
| મસોલી | ૧૧૩ | ૩૩૯૦૦ | ૫૬૫૦ | ૩૬૦૦ (૬) |
| નરપડ | ૫૭ | ૧૭૧૦૦ | ૨૮૫૦ | ૧૮૦૦ (૩) |
| સરાવલી | ૨૬ | ૭૮૦૦ | ૧૩૦૦ | ૦૦ |
| | ૩૪૦ | ૧૦૨૦૦૦ | ૧૭૦૦૦ | ૧૦૮૦૦ (૧૮) |

શાખાના પ્રમુખ શ્રી અમરતભાઈ સુરતી, ઉપપ્રમુખ શ્રી ચંદનભાઈ, મંત્રી શ્રી સંતોષભાઈ સુરતી તેમજ વડીલ શ્રી રણછોડભાઈ અને શ્રી ફકીરભાઈ અંત સુધી સાથે હાજર રહ્યા હતા,

સમિતિ સભ્ય દ્વારા ખુબ સરસ આયોજન કરવામાં આવ્યું હતું, દરેક ગામના વ્યક્તિઓ એ ખુબ સાથ સહકાર આપ્યો હતો અને ખુશી ની લાગણી વ્યક્ત કરી હતી . શ્રી એમ એસ પી સંઘ દહાણુ શાખાના તમામ કાર્યકર્તા ઓ નો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે અને અભિનંદન આપે છે.

## ગણદેવી શાખા : સ્થાપના : ૧૪-૦૪-૨૦૦૨

**એડહોક સમિતિ -**

| | |
|---|---|
| શ્રી ઠાકોરભાઈ રાઠોડ | શ્રી ગિરીશભાઈ રાઠોડ |
| શ્રી મનોહરભાઈ વર્મા | શ્રી સુભાષભાઈ બારોટ |
| શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ | શ્રી ધર્મેશભાઈ રાઠોડ |

**પ્રવૃત્તિઓ**

શાખા નો આર્થિક સહાય અને નોટબુક સહાય નો કાર્યક્રમ રવિવાર તા.૮/૧૦/૨૦૨૩ ના રોજ કેન્દ્રીય કાર્યાલય મુંબઈ ના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને ટાઉન સ્કેવર ગણદેવી ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી ધવલભાઈ રાઠોડ (સિટી ઇજનેર, ગણદેવી નગરપાલિકા), ઉપસ્થિત રહ્યા હતા.

આમંત્રિત મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી , શ્રીમતી સરોજબેન બારોટ દ્વારા સરસ્વતી વંદના કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આમંત્રિત સૌ મહેમાનોનો શાબ્દિક સ્વાગત ગણદેવી શાખાના કાર્યકર્તા શ્રી ધર્મેશભાઈ એમ રાઠોડે કર્યુ હતું. ત્યારબાદ ગણદેવી તાલુકા વિસ્તારના જરૂરિયાતમંદ ૩૬ વિદ્યાર્થીઓને ૧૦૮૦૦/- રૂપિયાની નોટબુક સહાય તેમજ ૮૦ વિદ્યાર્થીઓને ૨૦૦૦૦૦/- રૂપિયા ની આર્થિક સહાય નું વિતરણ કરવામાં આવ્યું હતું

પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ રાઠોડ એ એમના વ્યક્તવ્યમાં વિદ્યાર્થીઓને ખૂબ અભ્યાસ કરી પ્રગતિશિલ રહેવા શુભકામના પાઠવી હતી.ચીખલી શાખાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ એ એમના વ્યક્તવ્યમાં વિદ્યાર્થીઓને પેહલા પોતાનું લક્ષ્ય નક્કી કરવું અને પછી એ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટેની મહેનત કરવાની હાકલ કરી હતી.સમારંભના અધ્યક્ષ શ્રી ધવલભાઈ એ તેમના પ્રાથમિક શિક્ષણને યાદ કરી ભાવુક થઈ કહ્યું કે મે પોતે પણ સંઘની પાઠ્યપુસ્તકની સહાય લઈ અભ્યાસ કર્યો હતો.

આ કાર્યક્રમમાં કેન્દ્ર ના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ, ઉપપ્રમુખશ્રી અરુણભાઈ પટેલ, મહામંત્રી શ્રી હેમંતભાઈ મગોદિયા, ટ્રસ્ટીશ્રી હસમુખભાઈ મજીગામકર , ખજાનચી શ્રી ગીરીશભાઈ રાઠોડ, સહમંત્રી શ્રી સુભાષભાઈ બારોટ, શ્રી ઉમેશભાઈ જાદવ, કારોબારી સભ્યશ્રી રણજીતભાઈ પટેલ, દહાણુ શાખાના પ્રમુખશ્રી અમૃતભાઈ સુરતી, તેમજ શ્રી પ્રદીપભાઈ સુરતી, શ્રી પંકજભાઈ માહ્યાવંશી, શ્રી અજયભાઈ રાઠોડ, શ્રી અમિતભાઈ રાઠોડ - અમલસાડ, શ્રી હેમંતભાઇ રાઠોડ - અમલસાડ, ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.. આભારવિધિ કેન્દ્ર ના સહ મંત્રી શ્રી ઉમેશભાઈ જાદવે કરી હતી..અંતે અલ્પાહાર કરી કાર્યક્રમ ની પૂર્ણાહૂતિ કરી હતી.

## નવસારી શાખા : સ્થાપના ૦૯-૦૯-૧૯૯૯

સરનામુ : ૧૮, સમર્થ પાર્ક સોસાયટી, ધર્મિન નગર પાસે, કબીલપોર, નવસારી.

પ્રમુખ : શ્રી નગીનભાઈ કે રાઠોડ
ઉપપ્રમુખ : શ્રી નવનીતભાઈ ડાહ્યાભાઈ પટેલ
ઉપપ્રમુખ : શ્રી ભરતભાઈ બી વાઘેલા
મંત્રી : શ્રી ભગવાનભાઈ ડી રાઠોડ
સહમંત્રી - શ્રી રાજેશભાઈ જીવણભાઈ રાઠોડ
સહમંત્રી- શ્રી દિલીપભાઈ બાબુભાઈ પરમાર
ખજાનચી પ્રવીણભાઈ નારણભાઈ ભગત
આંતરિક ઓડિટર- શ્રી મનુભાઈ બી રાઠોડ

**સભ્યો :**
શ્રી જયંતકુમાર રમણભાઈ પટેલ
શ્રી નીતિનભાઈ બાલુભાઈ વાઘેલા
શ્રી ભગુભાઈ આર રાઠોડ(તલાટી)
શ્રી ચંદ્રવદન દયાળભાઈ રાઠોડ
શ્રી રમેશચંદ્ર દુલ્લભભાઈ રાઠોડ
શ્રી દિનેશભાઈ એન પટેલ
શ્રી હેમંતકુમાર પરમાનંદ પટેલ

### પ્રવૃત્તિઓ

૧. સંઘ ની નવસારી શાખા નો નોટબુક સહાય વિતરણ કાર્યક્રમ તા. ૦૫/૦૬/૨૦૨૩ ના રોજ નવસારી ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં ૩૪૦ વિદ્યાર્થીઓ ને નોટબુક સહાય વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માં શ્રી ભોગીલાલ દાસ (પ્રોફેસર) તેમજ શ્રી જયંત ભાઈ જેસિંહભાઈ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.કેન્દ્રીય કાર્યાલય મુંબઈ ના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ અને શાખા ના તમામ કારોબારી સભ્યો હાજર રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

૨. સંઘ ની નવસારી શાખાના તેજસ્વી તારલા નું સન્માન અને આર્થિક સહાય નું વિતરણ રવિવાર તા.૦૮/૧૦/૨૦૨૩ ના મોઢ ગાંધી યુવા સાંસ્કૃતિક ભવન, સ્વપ્નલોક સોસાયટી, કાછિયાવાડી પુલ પાસે, નવસારી ખાતે રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ ના અધ્યક્ષ સ્થાને સંસ્થાના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ અને મુખ્ય મેહમાન તરીકે ડો. મોહિત પટેલ (એમ.ડી.) ઉપસ્થિત રહ્યા હતા અને અતિથિ વિશેષ તરીકે શ્રી ચંપકલાલ આર પટેલ (નિવૃત્ત બેંક ઓફિસર) શ્રી અશ્વિનભાઈ એન મરોલીયા (પ્રોડેકશન મેનેજર એચ એલ એન્જિનિરીંગ કુ.) શ્રી અમૃતલાલ એસ પટેલ (નિવૃત્ત બેંક મેનેજર) શ્રી ચંદુભાઈ એન પટેલ (નિવૃત્ત સરકારી કર્મચારી) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ ના વિશેષ સહયોગી શ્રી રણજીતભાઈ ડી પટેલ (ગામ - પોંસરા) પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય મેહમાન , ડો. મોહિત પટેલે એમના પ્રવચન માં વિદ્યાર્થીઓ ને તેમના અભ્યાસ માં પ્રેરણા રૂપ વક્તવ્ય આપ્યું હતું સાથે સાથે એક ગુજરાતી પ્રેરણા દાયક પુસ્તક પણ દરેક વિદ્યાર્થીઓ ને ભેટ આપ્યું હતું.

આ કાર્યક્રમ દ્વારા ૩૩ વિદ્યાર્થીઓ ને રૂ. ૭૭૦૦૦/- ની આર્થિક સહાય અને ૨૮ વિદ્યાર્થીઓને

રૂ.૧૬,૮૦૦/- મેરીટ સ્કોલરશીપ, જે વિદ્યાર્થીઓ એ ધોરણ ૭, ૮ અને ૯ માં ૭૦% થી વધારે માર્ક્સ મેળવ્યા હતા એમને આપવામાં આવી હતી.

આ કાર્યક્રમ નું સંચાલન વિદ્યાર્થીઓ - કુ. અમિષા પટેલ, કુ. હિરલ રાઠોડ , કુ. સ્નેહા રાઠોડ (ગામ - મંદિર) અને શ્રી અલ્પેશ (ધારાગીરી) દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ના સંચાલન ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે નવસારી ટિમ ને અભિનંદન.

## પારડી શાખાઃ સ્થાપના ૧૬-૧૦-૨૦૧૧

સરનામુ : સી/ઓ. શ્રી ડી ડી પરમાર, ૦૬ રાજ શોપિંગ સેન્ટર , રાહીલ ઇન્ટરનેશનલ હોટેલની બાજુ માં, જી આઈ ડી સી ચાર રસ્તા, વાપી ૩૯૬૧૯૫ જિલ્લા વલસાડ .

પ્રમુખ- શ્રી જીતેન્દ્રભાઈ એસ માહ્યાવંશી
ઉપ પ્રમુખ - શ્રી રમેશભાઈ કે માહ્યાવંશી
મંત્રી- શ્રી ચેતનભાઈ એલ પરમાર
સહ મંત્રી - શ્રી ભુપેન્દ્રભાઈ એમ પરમાર
ખજાનચી- શ્રી અરુણભાઈ એલ વજિરિયા

સભ્ય- શ્રી બિપીનભાઈ એન પરમાર,
શ્રી દિલીપભાઈ બી પરમાર,
શ્રી અશ્વિનભાઈ એન મિસ્ત્રી,
શ્રી પ્રવીણભાઈ એન માહ્યાવંશી
શ્રી અંબુભાઈ એસ માહ્યાવંશી,
શ્રીમતી સંધ્યાબેન એ વજિરિયા.
સલાહકારઃ શ્રી દુર્લભભાઈ કે માહ્યાવંશી
ઈંટરનલ ઓડીટર : શ્રી ડીમ્પલભાઈ પરમાર

### પ્રવૃત્તિઓ

૧. નોટબુક સહાય વિતરણ

શાખા વિસ્તાર ના ૧૩૧ વિદ્યાર્થીઓને રૂ.૩૯,૩૦૦/- નું નોટબુક સહાય પેટે વિતરણ કર્યું હતું.

૨. સંઘ ની પારડી વાપી શાખા ની વાર્ષિક સામાન્ય સભા તારીખ ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ ટૂંકવાડા ખાતે રાખવા મા આવી હતી. જેમાં વર્ષ ૨૦૨૨-૨૫ માટે ની શાખા ની કારોબારી સમિતિની વરણી કેન્દ્રીય કાર્યાલય ના ઉપ પ્રમુખ શ્રી અરુણ ભાઈ પટેલ, મહા મંત્રી શ્રી હેમંત મગોદિયા અને સહમંત્રી શ્રી સુભાષ ભાઈ બારોટ ના નેજા હેઠળ પૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

૩. શાખા દ્વારા રવિવાર તા. ૧૯/૧૧/૨૦૨૩ ના રોજ વિદ્યાર્થી સન્માન તેમજ તેજસ્વી તારલા ના સન્માન ના કાર્યક્રમ નું આયોજન ઓરવાડ , એક લિંગજી હોલ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી ભારૂલતાબેન પટેલ-કામ્બલે (લોયર- ભૂતપૂર્વ અધિકારી- કેન્દ્ર સરકાર બ્રિટન વિશ્વ રેકોર્ડ ધારક) અને શ્રીમાન ડો. સુબોધ કામ્બલે (Prish Multi Speciality Hospital Centre For Urocare Prostate - Surat ) ઉપસ્થિત રહ્યા હતા. અને અતિથિ વિશેષ તરીકે શ્રી હસમુખભાઈ એમ રાઠોડ, શ્રી જયંત ભાઈ ઉદવાડીયા , ડો.રચના નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ધોરણ ૧૦, ૧૨ પાસ તેમજ ગ્રેજ્યુએટ , ડૉક્ટર, વકીલ તેમજ વિશેષ સિદ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીઓ નું શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાખા વિસ્તાર ના ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમ નું સુંદર સંચાલન બે વિદ્યાર્થીની ઓ એ કર્યું હતું કુમારી સિદ્ધિ માહ્યાવંશી અને કુમારી ધ્રુવી વજેરિયા - જે ખરેખર પ્રસંશા ને પાત્ર હતું.

કેન્દ્રીય કાર્યાલય ના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ, ઉપ પ્રમુખ શ્રી અરુણભાઈ પટેલ, મહામંત્રી શ્રી હેમંત મગોદિયા, સહમંત્રી શ્રી સુભાષભાઈ બારોટ, શ્રી ધર્મેશભાઈ રાઠોડ વગેરે હાજર રહ્યા હતા.

છેલ્લે પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ માહ્યાવંશીએ દરેકનો આભાર માની સ્વરુચિ ભોજન લઇ છુટા પડ્યા હતા.

## વલસાડ શાખા : સ્થાપના ૧૨/૧૦/૧૯૫૬

સરનામું : શિક્ષણ ભવન, ૨૧ તક્ષશિલા સોસાયટી, કંટ્રી ક્લબ રિસોર્ટની બાજુમાં, વલસાડ અતુલરોડ, વશીયર, વલસાડ ૩૯૬૦૦૧.

**કારોબારી સમિતી ૨૦૨૨-૨૫**

પ્રમુખ : શ્રી ધીરજલાલ કે હલધર
ઉપ પ્રમુખ : શ્રી અનિલ ડી વાઘીયા
ઉપ પ્રમુખ : શ્રી જયેશ ડી ડાંગ
માનદ્ મંત્રી : પ્રા. ડૉ. મેહુલ તિથલિયા
સહ મંત્રી : શ્રી વિનોદ એસ પટેલ
સહ મંત્રી : શ્રી રાહુલ કલવાડીયા
ખજાનચી : શ્રી રણજીત સુરતી

**સભ્ય :**

શ્રી વિનોદ રાઠોડ
શ્રી ભાવેશ મિસ્ત્રી
શ્રી મુકેશ મેહવાલા
શ્રી રાજન વણકર
શ્રી હિરેન સોયવાલા
શ્રી હિતેશ સુરતી
શ્રી સુનિલ શોભા
શ્રી નિલેશ કોશિયા
કો- ઓપ્ટ : શ્રી મહેન્દ્ર ધેજવાલા
કો-ઓપ્ટ : શ્રી કૈલાશ રાઠોડ
આંતરિક હિસાબનિસ : શ્રી હરિશ પટેલ

### પ્રવૃત્તિઓ

૧. સંઘની વલસાડ શાખા દ્વારા રવિવાર તા. ૨૩/૦૪/૨૦૨૩ ના રોજ સવારે ૧૦.૦૦ થી ૨.૦૦ કલાક દરમ્યાન શિક્ષણ ભવન પર પ્રથમવાર BAPS સ્વામિનારાયણ માહ્યાવંશી પરિવાર તરફ થી સત્સંગ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું. માહ્યાવંશી હરિભક્તો એ પૂ. અચલકીર્તી સ્વામી અને

પૂ. વિવેક સ્વરૂપ સ્વામી (કોઠારી સ્વામી) ના દર્શન અને આશીર્વચન નો લાભ લીધો હતો.

૨ સંઘની વલસાડ શાખા દ્વારા રવિવાર તા. ૨૮/૦૫/૨૦૨૩ ના રોજ સ્વ. ભગવાનદાસ માર્કર સભાગૃહ , શિક્ષણ ભવન માં વિદ્યાર્થીઓ ને કારકિદી માર્ગદર્શન નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ડો. મેહુલભાઈ તીથલીયા અને શ્રી જયેશભાઈ શોભા દ્વારા સુંદર માહિતી આપવામાં આવી હતી લગભગ ૩૫ વિદ્યાર્થીઓ અને વાલીઓ એ હાજર રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

૩ સંઘની વલસાડ શાખા દ્વારા રવિવાર તા. ૦૪/૦૬/૨૦૨૩ ના રોજ સવારે ૯.૩૦ કલાકે ડાંગ વિલા, બેચર રોડ, વલસાડ ખાતે રાખવામાં આવ્યો હતો. શાખા વિસ્તાર ના ૩૮ ગામો ના ૩૧૭ જેટલા જરૂરિયાતમંદ વિદ્યાથીઓ ને શ્રી નિમેશ ભાઈ હિમંતલાલ કલવાડીયા ( ગામ કલવાડા, હાલ અમેરિકા) તરફથી એમના પિતા સ્વ.હિંમતલાલ કલવાડીયા ના સ્મરણાર્થે વિના મુલ્યે ૩૮૦૪ જેટલી નોટબુકો નું વિતરણ શ્રીમતી પ્રભાબેન કલવાડીયા ના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ નું આયોજન શ્રી જયેશભાઈ ડાંગ, શ્રીમતી સંગીતાબેન ડાંગ તેમજ બોબી ડાંગ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

૪ સંઘ ની વલસાડ શાખા દ્વારા રવિવાર .૩૦-૭-૨૩ના રોજ સવારે ૯-૩૦ કલાકે નોટબુક સહાય વિતરણ શિક્ષણ ભવન ના સ્વ. ભગવાનદાસ માર્કર સભાગૃહ માં અને બ્લડ ગ્રુપ ચકાસણીના કાર્યક્રમનું આયોજન સ્વ. ગુલાબભાઈ જાખીયા મેડીકલ કોર્નરમાં રાખવા મા આવ્યો હતો જેમા ૧૬૨ વિદ્યાર્થીઓને રૂા.૪૮૬૦૦/- ની નોટબુક સહાય આપવામા આવી હતી અને ૧૩૦ જેટલા વિદ્યાર્થી અને વાલીઓ એ બ્લડ ગ્રુપની ચકાસણી કરાવી હતી.

શરૂઆત માં શાખા પ્રમુખ શ્રી ધીરજ હળધરે અને ઉપપ્રમુખ શ્રી અનિલભાઈ વાઘીયા એ સંસ્થા તરફ થી મળતી સહાય અને બ્લડ ગ્રુપ ચકાસણી નું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમ ની સફળતા માટે શ્રી રણજીતભાઈ સુરતી , શ્રી જયેશભાઈ ડાંગ , શ્રી વિનોદભાઈ રાઠોડ, શ્રી મુકેશભાઈ મેહવાલા, શ્રી ભાવેશભાઈ મિસ્ત્રી , શ્રી હિરેનભાઈ સોયવાલા, શ્રી રાહુલભાઈ કલવાડીયા એ ભારી જહેમત ઉઠાવી હતી.

૫. સંઘની વલસાડ શાખા દ્વારા રવિવાર તા. ૧૨/૦૮/૨૦૨૩ ના રોજ સવારે ૯.૩૦ કલાકે ડાંગ વિલા, બેચર રોડ, વલસાડ ખાતે થી શ્રી નિમેશ ભાઈ હિમંતલાલ કલવાડીયા તરફથી ધો ૧ થી ૪ ના ૮૦ વિદ્યાથી ઓ ને સ્કુલ બેગ નુ વિતરણ એમના માતુશ્રી પ્રભાબેન કલવાડીયા ના હસ્તે કરવામા આવ્યુ હતું.

શાખા ના કારોબારી સભ્યો હાજર રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. બેગ વિતરણ કાર્યક્રમ માટે શ્રી રાહુલ કલવાડીયા ની ભુમિકા વિશેષ રહી હતી.

૬. રવિવાર તા.૧૭-૦૯-૨૩ ના સવારે ૧૦-૦૦ કલાકે આર્થિક સહાય વિતરણ સમારંભ સ્વ. ભગવાનદાસ માર્કર સભા ગૃહ ખાતે અને ફ્રી મેડીકલ કેમ્પ (આંખની તપાસ) નુ આયોજન

સ્વ. ગુલાબભાઈ જાખીયા મેડિકલ વિંગ ખાતે કરવામા આવ્યુ હતુ.

કાર્યકમ મા ૮૮ વિદ્યાર્થીઓને કુલ ૧,૬૧,૦૦૦/- ની આથિક સહાયનું વિતરણ મહેમાનો ના હસ્તે કરવા મા આવ્યુ હતુ.

મેડીકલ કેમ્પ ની શરુઆત ડો. હેમંતભાઈ જાખીયા, શ્રીમતી ચંદ્રીકાબેન વહાણવાલા ,ડો સોનલબેન વહાણવાલા અને કેન્દ્ર ના હોદેદારો એ દિપ પ્રાગટ્ય થી કરી હતી. મેડીકલ કેમ્પ મા ૧૧૭ જેટલા વિદ્યાર્થીઓ અને સમાજ જનોએ તપાસ કરાવી ૪૪ જેટલા ચશ્માનું મફત વિતરણ શ્રી શાંતિલાલ પટેલ, પર્લ ઓપ્ટીકલ, પારડી તરફથી કરવામા આવ્યુ હતુ

મેડીકલ કેમ્પ મા આંખોની મફત તપાસ ડો રોહન ચરીવાલા અને એમની શુભમ સેવા ટ્રસ્ટ વાંસદા, સીતાપુર ના સૌજન્ય થી કરવા મા આવી હતી

સ્વ. લક્ષ્મીબેન ખંડુભાઈ , ગામ સલવાવ તા. વાપી ના સ્મરર્ણાથે એમના ભાઈ શ્રી અરવિંદભાઈ રાઠોડ (નાની તંબાડી) અને એમની દિકરીઓ પિંકીબેન વિકકીભાઈ રાઠોડ,મિલી અરવિંદભાઈ રાઠોડ, અંજલી અરવિંદભાઈ રાઠોડ,

તથા રમીલાબેન રાઠોડ તરફથી એમની ઉતરક્રિયા ના દિને (૧૭/૦૯/૨૦૨૩) રૂ.૨૬૦૦૦/- નું દાન આપી આપી સમાજ ને શિક્ષણ ની દિશા મા મદદ ની નવી પહેલ કરી હતી.

ડો. હેમંતભાઈ જાખીયા તરફથી સંઘ ને રૂા.૧૫૦૦૦/, સ્વ.હસુમુખભાઈ મિસ્ત્રિના સ્મરર્ણાર્થે એમના પરીવાર તરફથી રૂા.૫૦૦૦/-નું, અને શ્રી નિલેશભાઈ કોશીયા તરફથી રૂા.૫૦૦/-નું દાન મળ્યું હતું.

કાર્યક્રમની સફળતા માટે કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી અંતે સૌનૌ આભાર માની કાર્યક્રમ પુરો થયો હતો.

૭. સંઘ ની વલસાડ શાખા દ્વારા રવિવાર તા . ૨૦-૮-૨૩ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે શૈક્ષણિક સન્માન કાર્યક્રમ શિક્ષણ ભવનમાં સ્વ. ભગવાન દાસ માર્કર સભાખંડમાં શ્રી રિતેશ અજીતભાઈ સુરતી ના પ્રમુખ સ્થાને, શ્રીમતિ અર્ચનાબેન દેસાઈના અતિથી વિશેષ સ્થાને અને ડો. ધ્વનિ જગદીપ પરમાર ઉમરગામના મુખ્ય મહેમાન પદે યોજાયો હતો.

ધો ૧ થી ૯ અને ૧૧ ના પ્રથમ અને દ્વિતિય આવેલ બાળકોનુ ફાઈલ અને રોકડ આપી મહેમાનો ના હસ્તે સન્માન થયુ હતુ

ધો. ૭-૮-૯ ના ૭૦%થી વધારે ગુણ મેળવેલ ૨૭ બાળકો ને મેરીટ સ્કોલરશીપ મહેમાનો ના હસ્તે આપી હતી.

૨૩ SSC ના, ૧૨ HSC અને ૯ અન્ય ( સ્નાતક, અનુ સ્નાતક, ડોકટર, ઈજનેર વિ )નું સન્માન ફાઈલ અને રોકડ પુરસ્કાર થી સન્માનિત કર્યા હતા.

કાર્યક્રમના વિશિષ્ટ ૭ વ્યક્તિઓને શૈક્ષણિક , રમત ગમત અને ધાર્મિક ક્ષેત્રની સિધ્ધી બદલ સન્માનિત કર્યાં હતા.

વિદ્યાર્થીઓને ૫૫ જેટલી મોટી ફાઈલ રૂા..૧૭૦૦૦/- ની શ્રી વિરેન રણજીત સોયવાલાએ આપી હતી જયારે ધો .૧ થી ૬ ના વિદ્યાર્થીઓ ને રોકડ ઇનામ શ્રીમતી અનસુયાબેન બારોટ અંધેરી તરફથી આપવામાં આવી હતી.

શ્રી ગોંગીવાલા સાહેબ તરફથી રૂા.૨૧,૦૦૦/-નુ દાન મળ્યુ હતુ અને ડો ધ્વની પરમાર તરફથી ૫૦૦૦/-નુ દાન મળ્યુ હતુ

શ્રી પ્રવિણભાઇ આશરા તરફથી SSCના વિદ્યાર્થીને રૂ.૫૦૦૦/- / HSCના વિદ્યાર્થીને રૂ.૫૦૦૦/- એમ રૂ. ૧૦૦૦૦/- ના રોકડ ઇનામ એમના પિતાના સ્મરણાર્થે આપ્યા હતા

૮. વલસાડ શાખા દ્વારા માહ્યાવંશી મેરેથોન (૪થી આવૃત્તિ) નું તા. ૩૧/૧૨/૨૦૨૩ ના રવિવાર ના દિને સવારે ૫.૩૦ કલાકે સ્વામિનારાયણ મંદિર તીથલ ખાતે આયોજન કરાયું હતું. સમાજના ૫ વર્ષના નાના ભૂલકા થી લઈ ૬૯ વર્ષના વડીલો એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વહેલી સવારે ૫.૩૦ કલાકે ઝુમ્બા ડાન્સ દ્વારા વોર્મઅપ કરાવવામાં આવ્યું. સવારે ૬.૩૦ કલાકે વલસાડ જિલ્લાના પોલીસ અધિક્ષક (DSP) ડૉ. કરણરાજ વાઘેલા સાહેબનું આગમન થયું હતું જેમનું શાખા પ્રમુખ શ્રી ધીરજ હળદર દ્વારા પૂષ્પગુચ્છ થી સ્વાગત કરાયું હતું. ઉંમર મુજબ વિવિધ કેટેગરીમાં કુલ ૨૧૫ દોડ વીરોએ ભાગ લીધો.

DSP ડૉ. કરણરાજ વાઘેલા સાહેબે સંઘની પ્રવૃત્તિને બિરદાવી

આ વર્ષે જલારામ મનોવિકાસ કેન્દ્ર ના ૨૪ દિવ્યાંગ બાળકોએ પણ માહ્યાવંશી મેરેથોન માં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની ક્ષમતા અનુસાર દોડ પૂર્ણ કરી જેમાં શાળાના સ્વયંસેવકો ઉત્સાહપૂર્વક બાળકોને સહકાર અને માર્ગદર્શન પૂરું પાડી દોડ પૂર્ણ કરવામાં મદદરૂપ થયા.

દોડ પૂર્ણ થયા બાદ સ્પર્ધકોએ . ફરી એકવાર ઝુમ્બા ડાન્સનો આનંદ માણ્યો હતો.

ઈનામ વિતરણ કાર્યક્રમમાં વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ તેમજ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ શ્રી આશિષભાઈ ગોહિલ આ ઉપરાંત દાતાઓ શ્રીમતી પ્રભાબેન કલવાડિયા , પ્રા.ડૉ. મનોજભાઈ ગોંગીવાલા, શ્રી રિતેશભાઈ સુરતી (મુંબઇ) તેમજ મુંબઈ કેન્દ્રીય કાર્યાલય વતી પ્રમુખશ્રી નરેન્દ્ર ભાઈ રાઠોડ, તેમના પદાધિકારીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

મેરેથોનમાં મહેતા હોસ્પિટલ પારડીના ડૉ. પ્રફુલભાઈ મહેતા સાહેબના સૌજન્યથી એમ્બ્યુલન્સ સેવા તેમજ મેડલ આપવામાં આવ્યા હતા, ઉદવાડાના શ્રી ચંદ્રકાંતભાઈ પટેલના સૌજન્ય થી ટ્રોફી , શાખાના સહમંત્રી શ્રી વિનોદભાઈ એસ પટેલ, શ્રી ભુપેશભાઈ હરિયાવાલા, પ્રા.ડૉ. મનોજભાઈ ગોંગીવાલા, તેમજ શ્રીમતી હીનાબેન વણકર તરફથી ચા નાસ્તા તેમજ મેરેથોન દરમિયાન હાઈડ્રેશનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ફિઝિયો તેમજ મેડિકલ સેવા સતત ચોથા વર્ષે ડૉ. દીપેન હરિયાવાલા ડૉ. કુ. નિરાલી પટેલ તેમજ ડૉ. કુ. શ્રેયા મોરે ( મુંબઈ) તરફ થી આપવામાં આવી હતી.

ડૉ. હેતલ સુરતી તરફથી મેરેથોન ના આયોજન માટે આર્થિક સહકાર આપવામાં આવ્યો હતો.

શ્રી હિતેશભાઈ સુરતી ના સૌજન્યથી ૩૬૦ ડિગ્રી સેલ્ફી પોઇન્ટની વ્યવસ્થા કરવામાં આવી હતી જેના પર સ્પર્ધકોએ પોતાના વિડીયો તેમજ રીલ્સ બનાવી સોશિયલ મીડિયા માં ઉત્સાહભેર પોસ્ટ કર્યા હતા.

૩- કિ.મી. , ૫- કિ.મી. તેમજ ૧૦- કિ.મી. ની દોડ પૂર્ણ કરનાર સૌને મેડલ એનાયત કરાયા હતા.

સ્પર્ધાના વિજેતાઓને મહાનુભાવો ના હસ્તે ટ્રોફી તેમજ રોકડ પુરસ્કાર એનાયત કરાયા હતા.

શ્રી ધનેશભાઈ, શ્રી હીરેનભાઈ, શ્રી રાહુલભાઈ એ એમની બુલેટ સ્ક્વોડ સાથે મેરેથોન ના સમગ્ર રૂટ પર પાણી તેમજ અન્ય સેવા પુરી પાડી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હિતેશ સુરતી, ડૉ. મેહુલ તિથલિયા, શ્રી અનિલભાઈ વાઘીયા, શ્રી હિરલ બારોટ, શ્રી જિગર લિલાકાર, સમગ્ર મેરેથોન સમિતિ તથા વલસાડ શાખા ના કારોબારી સભ્યો દ્વારા સુંદર રીતે કરાયું હતું.

શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વામી ના સૌજન્યથી, સુંદર પરિસર મેરેથોનના આયોજન માટે ફાળવવામાં આવ્યું હતું. અંતે શાખાના ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ડાંગ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી

૯. વાર્ષિક સામાન્ય સભા તા . ૨૮/૦૧/૨૦૨૪

શાખા ની વર્ષ ૨૦૨૨-૨૩ ની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા.૨૮/૧/૨૦૨૪ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે શિક્ષણ ભવન ના સ્વ.ભગવાનદાસ માર્કર સભાગૃહ માં શાખા ના પ્રમુખ શ્રી ધીરજભાઈ હળધર ના પ્રમુખ સ્થાને રાખવામાં આવી હતી.

વર્ષ દરમ્યાન શાખા એ ૮ કારોબારી સભા, ૧ સામાન્ય સભા તથા ૭ વિદ્યાર્થી લક્ષી કાર્યક્રમો કર્યો હતા.

## વિરાર શાખા: સ્થાપના: ૧૩-૦૮-૧૯૯૫

કારોબારી સમિતિ ૨૦૨૨-૨૫
પ્રમુખ - શ્રી સુભાષભાઈ એન સુરતી.
ઉપપ્રમુખ - શ્રી મનુભાઈ એચ રાઠોડ
મંત્રી - શ્રી ઉમેશભાઈ ડી જાદવ
સહમંત્રી - શ્રી કિરીટભાઈ કે પટેલ
ખજાનચી - શ્રી ઉપેન્દ્રભાઈ ડી રાઠોડ
સલાહકાર : શ્રી લક્ષ્મણભાઈ આર રાઠોડ

સભ્યો :
શ્રી ધનસુખભાઈ એમ સુરતી.
શ્રી નટવરલાલ જી સુરતી.
શ્રી શામજીભાઈ જી જાદવ
શ્રી ચંપકલાલ એમ દાંડીવાલા
શ્રી જયંતીભાઈ ડી પટેલ

**પ્રવૃત્તિઓ**

૧. સંઘની વિરાર શાખા નો આર્થિક સહાય અને નોટબુક સહાય વિતરણ તો કાર્યક્રમ રવિવાર તા.૨૯/૧૦/૨૦૨૩ ના રોજ સવારે ૧૦ કલાકે શ્રી જલારામ બાપા બેન્કવેટ હોલ , જય જલારામ મંદિર ની ઉપર , પહેલે માળે, પુષ્પા નગર, બસ ડેપો ની બાજુમાં, વિરાર પશ્ચિમ ખાતે રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ માં સંસ્થાના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ તેમજ મહામંત્રી શ્રી હેમંત મગોદિયા ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ એ વિદ્યાર્થીઓ ને ભણતર નું જીવન માં મહત્વ સમજાવ્યું હતું અને જરૂરી માર્ગદર્શન માટે સંસ્થા નો સંપર્ક કરવા જણાવ્યું હતું. મહા મંત્રી શ્રી હેમંત મગોદિયા એ સંસ્થા ની કામગીરી ની માહિતી આપી હતી.

શાખા વિસ્તાર ના ૪૬ વિદ્યાર્થીઓને રૂ.૯૪૭૦૦/- આર્થિક સહાય અને ૪૬ વિદ્યાર્થીઓને રૂ.૧૪૦૦૦/- નોટબુક સહાય વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે આ વિસ્તાર ના તેજસ્વી વિદ્યાથીઓ ને પણ સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

છેલ્લે શાખાના પ્રમુખ શ્રી સુભાષભાઈ સુરતી એ આ કાર્યક્રમ ને સફળ બનાવવા બદલ દરેક નો આભાર વ્યક્ત કર્યો હતો. શાખા ના મંત્રી શ્રી કિરીટભાઈ પટેલે કાર્યક્રમ નું સંચાલન કર્યુ હતું.

૨. વિરાર શાખા દ્વારા તા.૧૮.૦૬.૨૦૨૩ ને રવિવાર સાંજે ધીમહિ બેંકવેટ હોલ, વિરાર પશ્ચિમ ખાતે આયોજિત સ્નેહમિલન, સાંસ્કૃતિક મનોરંજન, ફંડ રેજીંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રી બિપીનભાઈ પટેલ હતા. કાર્યક્રમના મુખ્ય અતિથિ ડૉ. શ્રી શૈલેષભાઈ બારોટ સંજોગવસાત હાજર રહી શક્યા નહીં, સંઘના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કંચનલાલ માણેક સાહેબ, ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ સરાવ્યા, ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ મજીગામકર, પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ રાઠોડ, મહામંત્રી શ્રી હેમંતભાઈ મગોદિયા, ઉપપ્રમુખ , એડ. સંજીવભાઈ હરિયાકર, ઉપ પ્રમુખશ્રી અરુણભાઈ પટેલ, સહમંત્રી શ્રી ગીરીશભાઈ વાંઝવાલા, સહમંત્રી શ્રી સુભાષભાઈ બારોટ, વલસાડ શાખાના પ્રમુખ શ્રી ધીરજભાઈ હળદર, દહાણુ શાખા ના પ્રમુખ શ્રી અમૃતભાઈ સુરતી, ગણદેવી શાખાના

ધર્મેશભાઈ રાઠોડ, ભાયંદર શાખાનાં ખજાનચી શ્રી જતીનભાઈ હરિયાકર, કારોબારી સભ્ય શ્રી રણજીતભાઈ પટેલ, ઘનશ્યામભાઈ કાઠે, શ્રી મણીલાલ કરોલિયા, વિરાર શાખા ના માજી પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈ રાઠોડ, શ્રી કૈલાશભાઈ રાઠોડ, શ્રી હસમુખભાઈ રાઠોડ, માહ્યાવંશી પ્રગતિ મંડળ નાલાસોપારા પ્રમુખ શ્રી કાંતિભાઈ પરમાર, માહ્યાવંશી વિકાસ મંચ ના પ્રમુખ શ્રી જીતેશભાઈ જીવન હાજર રહ્યા હતા,

વિરાર, વસઈ નાલાસોપારા ના વડીલો ભાઈઓ , બહેનો તેમજ બાળકો ઉપસ્થિત રહી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો,

કાર્યક્રમનું મનોરંજન શ્રી જતીનભાઈ મિસ્ત્રીના ઓર્કેસ્ટાએ સારી એવી ગુજરાતી રાસ ગરબાની રમઝટ બોલાવી હતી, માનવ મેદની મન મોર બની થનગનાટ કરી ઝુમી ઉઠી હતી, બાળકો દ્રારા પ્રસ્તુત ડાંસ ખુબ સરસ હતો, કાસલા પરિવાર તરફથી નણંદ ભોજાઈ દ્વારા ડાંસ ખુબ સરસ હતો, મંચને ઉદ્ઘોષકનું કાર્ય શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ અને સંઘ ના સહમંત્રી અને વિરાર શાખાના મંત્રીશ્રી ઉમેશભાઈ જાદવે સંભાળ્યું હતું.

શાખા દ્વારા સ્વરુચિ ભોજન ની વ્યવસ્થા કરવામાં આવી હતી, આજનાં અતિથી વિશેષ શ્રી બિપીનભાઈ પટેલ તેમજ  મહાનુભવો દ્વારા સોવેનીયરનું વિમોચન કરવામાં આવ્યુ હતું,

શાખાના પ્રમુખ શ્રી સુભાષભાઈ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી અને કાર્યક્રમ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવ્યો હતો.